આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૯
ઓગસ્ટ–૧૯૯૮
અંક : ૧૧

પ્રેમ

શ્રદ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

યોગ

ધર્મ

સાધના

સત્સંગ

Summit


# * અંદરનો ત્યાગ પણ જરૂરી *

ભગવાનનો આ ઉપદેશ બહુ મહત્ત્વનો છે. આપણે ત્યાં ત્યાગ થાય છે, ને માણસો જ્ઞાનની ખોજમાં નીકળી પડે છે. પણ તેમના દિલમાં પહેલાંનાં ખોટા સંસ્કાર હયાત હોવાથી ત્યાગનો સાચો આનંદ તેમને મળી શકતો નથી. ત્યાગના સાચા આનંદ માટે અંદરના ત્યાગને કેળવવાની જરૂર છે તે તરફ જેટલું ધ્યાન આપી શકાય તેટલું ઓછું છે. મનમાં કામના ને વાસનાનો અડ્ડો હોય તો બહારનો ત્યાગ કે સંન્યાસ શું ફળ આપી શકે?

ત્યાગી પુરુષે ઈશ્વરપર જ આધાર રાખવો જોઈએ. ઉપાસના ને સાધના કોઈ બાહ્ય સાધનવિના થઇ શકે છે. માણસોએ પણ વિવેકી બનવાની જરૂર છે. બહારના દેખાવ પરથી કોઈને ત્યાગી કે વૈરાગી ને ભોગી સમજી લેવાને બદલે, અંદરની દુનિયામાં ડોકિયું કરતાં શીખવાની જરૂર છે. અંદરની યોગ્યતાને ઓળખીને પ્રોત્સાહન આપવાની જરૂર છે. બહારનું વાતાવરણ મહત્ત્વનું છે તેની ના નહિ, પણ તેને જ સર્વ કાંઈ સમજી, તે પરથી માણસને માટેનું સર્ટિફિકેટ તૈયાર કરવામાં ભૂલ છે. કર્મયોગનો ઉપદેશ આપતાં આ વાત પર ભગવાન આપણું ધ્યાન ખેંચે છે ને જે દશામાં હોઈએ તે દશામાં રહી, જે કામ કરતા હોઈએ તે કામ કરતા રહેવાનું કહી, મનનો ત્યાગ કેળવવાનું કહે છે, મનની તાલીમ લેવાનો આદેશ આપે છે. ઉજ્જવળ જીવનની ઈચ્છાવાળા સૌ કોઈને એ આદેશ ઉપયોગી છે.

યોગેશ્વરજી

' વંદન હજારોવાર ગુરુજી અમારા '



મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫–૮–૧૯૨૧ લીલા સંવરણ : ૧૮–૩–૧૯૮૪

## * પરખી લેજો પ્રગટ પ્રભુ આજ રે *

પેલા સમર્થ સદ્‌ગુરુ નાથ રે,
બન્યા પાગલ સર્વેશ્વરી કાજ.

વનઉપવનમાં પથ્થર પહાડે,
ધરતી પર કે ગગનની ઓથે,
દોડી દોડીને શોધે સાથ રે. બન્યા૦

સાગર મધ્યે પડીને રહીને,
સંકીર્તનની મસ્તી ધરે એ,
બની રક્ષા કવચ દિનરાત રે. બન્યા૦

પગલાં જ્યાં જ્યાં પાડે ત્યાં ત્યાં,
વિના વિલંબે પહોંચે જ્યાંત્યાં,
ધરે સ્નેહલ શીતળ છાંય રે. બન્યા૦

વિચરણ કરતાં શ્વાસે શ્વાસે,
સર્વેશ્વરીમાં પથરાયા એ,
પરખી લેજો પ્રગટ પ્રભુ આજ રે. બન્યા૦

— મા સર્વેશ્વરી

છેલ્લા ઘણા વખતથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની લેખિની બંધ થઇ ગઇ હતી. તે અચાનક તા. ૮–૭–૯૮ ને ગુરુપૂર્ણિમાના દિવસે ચાલુ થઇ ગઇ. ઉપરની ગેય રચના એ તેની પહેલી પ્રસાદી છે. તેને પરદેશથી આપણી વિનતિને માન આપીને ઝેરોક્ષ કરીને મોકલાવવા બદલ આપણે સહુ પૂ. માના ખૂબ ઋણી છીએ. આ પ્રસાદી ચાખવા અને ચખાડવા બદલ પૂ. માનો આભાર માનીએ તેટલો ઓછો છે.

— તંત્રી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | 3 |
| અલાસ્કા એ અલૌકિક અમર ગુરુપૂર્ણિમા | સુશીલાબેન એમ. ભક્ત | ૧૦ |
| પૂ. યોગેશ્વરજીના કૃપાપ્રસંગ–૨ | કલ્યાણ | ૧૮ |
| સ્વમાં મસ્તીનો આનંદ | લાભુભાઈ દવે | ૨૬ |
| ઉપાલંભ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૯ |
| રામાયણ–પારાયણ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૧ |
| અડિયાર નદીના યોગીનો મેળાપ | યોગેશ્વર | ૩૨ |
| સંત શ્રી ગુરુ દયાલ મલિક | ધીરજબેન નાણાવટી, અમેરિકા | ૩૮ |
| નોંધ | તંત્રી | ૫૧ |
| પ્રશ્નોત્તરી–૧ | મહાત્મા યોગેશ્વરજી | ૫૩ |
| પૂ. શ્રીના પત્રોમાંથી આધ્યાત્મિકતાનું અમૃત–૪ | ડૉ. બી. જે. જાગાણી | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ ઓગસ્ટ–૧૯૯૮ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૮–૬–૮૧, સોમવાર, જેઠ સુદ સાતમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટલ પાસે, જીવણભાઈનો રૂમ.**

આજે તો સવારે સર્વેશ્વરી શ્રી કલ્યાણ સાથે નખી તળાવની આસપાસ ગોળાકાર માર્ગપર ફરવા જાય છે. ૬ થી ૭ નો સમય હતો. વાતાવરણ ખૂબ શાંત હતું. વાદળાંઓ ને ધુમ્મસના ગોટેગોટા માથાપરથી પસાર થતા હતા. એક કલાક સંપૂર્ણ મૌન રાખી મંત્રજાપ કરતાં કરતાં એ સમય ચાલવાના વ્યાયામ સાથે ખૂબ આનંદમાં પસાર થઈ ગયો. આખાય માર્ગપર પૂ. શ્રીની વિદ્યાર્થી અવસ્થાની સ્મૃતિ સતત ચાલતી રહી.

સાત વાગ્યા બાદ સ્નાન કરી કપડાં વગેરે ધોઈ ૧ કલાક જપ કરી એક ગીત લખ્યું ને ૧૧ સુધી વાંચન કર્યું. યોગમાર્ગના પ્રવાસી શ્રી કૃષ્ણપ્રેમ.

પૂ. શ્રીએ સમયસર સ્નાન વ્યાયામ દાઢી વગેરે કરીને લેખનકાર્ય કરી લીધું. ૧૧ ને ૨૦ મિનિટે દ્વાર ખુલ્યાં. ૧૦ મિનિટ વાતો કરી સૌ સાથે પૂ. શ્રી ભોજનાલય તરફ વળ્યા.

પૂ. શ્રીને ભોજનમાં મરચું ફાવતું નથી, જ્યારે અહીં દરરોજ મરચાવાળું ભોજન હોય છે. છતાં પૂ. શ્રીની તબિયત એ ફેરફાર સહન કરી શકે છે. છતાં આજથી મરચા વિનાની રસોઈની સૂચના ભોજનાલયમાં આપી.

ભોજન બાદ પૂ. શ્રીના સાથે સૌ ઉતારાપર આવ્યા.

પૂ. શ્રીના રૂમમાં બે પલંગ છે. પૂ. શ્રી એક પલંગપર ને બીજા પલંગપર સર્વેશ્વરી બેઠાં. નીચે સૌ સાથીદારો ઉપરાંત પાલનપુરના ચાર સભ્યો તેમ જ પારડીના એક વૃદ્ધ પુરુષ પણ બેઠા છે.

પૂ. શ્રીએ વિવેકચૂડામણી પુસ્તક શ્રી કલ્યાણને આપી તેને વાંચવા કહ્યું.

આજે ત્રીજો શ્લોક પૂ. શ્રીએ વંચાવ્યો. કલ્યાણે તે વાંચ્યો.

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम्।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥ ३ ॥ વિવેકચૂડામણી

પૂ. શ્રી આ શ્લોકની ચર્ચા કાવ્યમય શૈલીમાં હળવાશથી ગાતાં ગાતાં કહ્યું.

ત્રણ વસ્તુ જગતમાં દુર્લભ છે. એમ પૂ. શંકરાચાર્ય મહારાજ કહે છે. તુલસીદાસે બે વસ્તુ દુર્લભ ગણી. સંતસમાગમ ને હરિ-કથા. ભાગવતે મનુષ્યજન્મને દુર્લભ કહ્યો.

અહીં શંકરાચાર્ય મનુષ્ય જન્મ દુર્લભ નથી ગણતા. જગતમાં



અળસિયાની જેમ કેટલાય મનુષ્ય જન્મે ને મરે છે. પણ મનુષ્યત્વમ્ દુર્લભ કહ્યું છે.

(૧) મનુષ્યત્વમ્ઃ—માનવતા.

મનુષ્ય છે પણ માનવતા નથી. ઘણા માનવો જીવે છે. તે ઢોરની જેમ, કેટલાક વળી ભૂતની જેમ, રાક્ષસની જેમ જીવે છે.

યજ્ઞ, દાન, તપ ન કરનારા માનવો ખર જેવા જ છે. જન્મે નર પણ કર્મે ખર જેવા.

તરસ્યો માનવ તમારે બારણે આવ્યો. તમારે ત્યાં ઘણું પાણી છે. પણ તમે ન આપ્યું. તો અહીં મનુષ્ય છે પણ મનુષ્યત્વ (માનવતા) નથી.

એટલે મનુષ્યત્વ (માનવતા) મળવી દુર્લભ છે.

(૨) મુમુક્ષુત્વઃ—મુક્તિની ઈચ્છા થવી દુર્લભ છે. તમે આબુના બજારમાં ફરીને કહો કે હું મુક્તિ આપું છું. જેને જોઈએ તે લો. પણ માનવોને આજે મુક્તિ જોઈતી જ નથી. કોઈને લક્ષ્મી, કોઈ-ને સંતાન, કોઈને ભુક્તિ, તો રાજકારણીઓને ખુરશી જોઈએ છે.

મુક્તિની ઈચ્છા કોઈને ખાસ થતી જ નથી.

તેઓ કહેશે અમારે મુક્તિ જોઈતી નથી.

દુઃખ અવિદ્યા, વાસના, રાગદ્વેષ, અહંકારમાંથી મુક્તિ મેળવવી ઘણી અઘરી. મુક્તિની ઈચ્છા ઘણી અઘરી.

જપ, ધ્યાન, પ્રાર્થના કરી કોઈક જ જેના સત્કર્મોના પુણ્યો પડયાં હોય તે જ સંસાર ને વિષયોમાંથી મન વાળી શકે.

ભરતખંડ ભૂતળમાં જન્મી,
જેણે ગોવિંદના ગુણ ગાયા રે;

ધન ધન રે એના માતપિતાને,
સફળ કરી એણે કાયા રે.

મુક્તિને માર્ગે ચાલો તો ભુક્તિ તમારી પાછળ દોડતી આવશે, સૂર્ય તરફ ચાલો તો તમારી પાછળ છાયા આવે. પણ સૌ છાયા પાછળ ચાલે તેને સૂર્ય કે પ્રભુ ક્યાંથી મળે?

અષ્ટસિદ્ધિ એને આંગણે આવે,
મુક્તિ છે એમની દાસી રે.

શરણ લેનારને પાછળથી બંને હાથમાં લાડુ મળે. ઘણા વિચારે ભગવાનને રસ્તે જઈએ તો મારા સંતાનોનું શું થશે? એ વિચારવું અજ્ઞાન જ છે.

એમ કહી રામતીર્થના ત્યાગની વાત, ઘરેણાં ને પૈસા ગંગામાં પધરાવ્યાં તો સમયસર તે જ દિવસે મિષ્ટાન્ન મળ્યું, તેની વાતો કરે છે.

વળી સર્વેશ્વરી શાળાના વિદાય સમારંભમાંથી બહાર નીકળી પટાવાળાને ૫૦૦ રૂ. આપે છે. તો થોડા દિવસમાં જ એક ભાઈ દસ હજારની ઓફર કરે છે.

મુક્તિને માર્ગે આગળ વધીએ તો ભુક્તિ પણ મળે છે.

પણ મુક્તિની ઈચ્છા થવી જ દુર્લભ, પ્રભુની પ્રીતિ થવી પણ દુર્લભ છે.

(૩) મહાપુરુષસંશ્રયઃ–

મહાપુરુષોની છત્રછાયા, શરણ, આશીર્વાદ સંતસમાગમ, છત્રછાયા માટે ઘણા ઈચ્છા નથી કરતા.

(પૂ. શ્રીએ નર્મદાકિનારે ગંગનાથ મહાદેવના મહંતની વાત કરી.)



સંતોનો આશ્રય લો તો સંત રક્ષા કરે. સંત મંત્ર આપે. મંત્રની વિધિ બતાવે ને ઉપદેશ આપે, તે પ્રમાણે ચાલે તો સુખી થાય છે.

શ્લોકની આ રીતે વિસ્તૃત સમજ આપી વળી જીવનમાં દાન કરવાનો નિયમ રાખવાની વાત કરતાં પૂ. શ્રીએ કહ્યું :

અમે સંસારી નથી છતાં દાનનો નિયમ રાખીએ છીએ, તો એ સત્કર્મ આપણી રક્ષા કરે છે.

એમ કહી હરિઃ ૐ તત્સત્ હરિઃ ૐ તત્સત્ પૂ. શ્રી બોલે છે. સૌ ઊભા થઈ પ્રણામ કરી વિદાય થાય છે.

પૂ. શ્રી કલ્યાણ પાસે એક પત્ર લખાવે છે. ત્યારબાદ થોડો આરામ કરી લેખનકાર્ય સાડા પાંચ સુધી પૂ. શ્રી તથા સર્વેશ્વરી કરે છે.

ત્યારબાદ પૂ. શ્રી સ્નાન કરી તૈયાર થાય છે. આજે છ વાગ્યે પૂ. શ્રી પણ નખી તળાવની ફરતે ગોળાકાર માર્ગપર ફરવાની ઈચ્છા કરે છે. તેથી છ વાગ્યે શ્રી કલ્યાણ આવે છે. પૂ. શ્રી તથા સર્વેશ્વરી તેમની સાથે જાય છે. પણ તે પહેલાં પૂ. શ્રીએ બે વાર દીર્ઘશંકા માટે જવું પડ્યું, કારણ ચારેક દિવસથી પૂ. શ્રી મરચા-વાળી રસોઈ જ લે છે. એટલે કદાચ એ તકલીફ ઊભી થઈ હશે.

પૂ. શ્રી ફરી આવીને રામાયણ લેખન માટે પોતાના પલંગ ઉપર પલાંઠી વાળી બેસી ગયા.

પૂ. શ્રીની આ તકલીફ જાણી સર્વેશ્વરી તેમને મેક્ષાફોર્મ જેવી ગોળી લેવાનું કહે છે.

એટલે પૂ. શ્રી લેખનકાર્ય કરતાં કરતાં આખ્યાનની શૈલીમાં જ ગાવા માંડે છે.

આજે લાગ્યું મરચું લડવા
આંતરડાં ને લાગ્યું અડવા
કારણ કે પાતળો મળ
થવા લાગ્યો પળે પળ.
પેટ ક્યાં લગી સહન કરે?
જીવન ક્યાં લગી સ્વસ્થ રહે!
હોય ગોળી તમારી પાસે
વિના વિલંબે લાવી દો હાથે
એક ઘૂંટડા પાણી સાથે
લઇ લઉં પ્રેમથી આજે.

પૂ. શ્રીની આવી રમૂજીભરી રજૂઆતથી ખૂબ આનંદ આવ્યો. પૂ. શ્રી બોલતા ગયા ને સર્વેશ્વરી ઝડપથી તેની નોંધ કરવા લાગ્યાં. કોઇ કોઇ વાર આ રીતે પૂ. શ્રી કાવ્યની શૈલીમાં ગમ્મત કરાવે છે. પૂ. શ્રીનું બોલવાનું પુરું થયું એટલે સર્વેશ્વરીનું લખવાનું પણ પૂરું થયું. પછી એક ગોળી Lopamide પૂ. શ્રીને પાણી સાથે આપી, જેથી પૂ. શ્રીએ તે ગોળી લઇ લીધી.

ગોળી લીધા બાદ પૂ. શ્રીએ શ્રી કલ્યાણ સાથે નખી તળાવ તરફ પ્રયાણ કર્યું.

આજે નખી તળાવની ફરતે ફરતાં ફરતાં પૂ. શ્રીએ વિજયભાઇ પુરોહિત (પાલનપુર) સાથે વાતો કરી, જેમાં વિજયભાઇને સાધનાત્મક જીવનનાં સૂચનો પણ મળ્યાં.

વિજયભાઇની ઉંમર ૨૮ ની છે. લગ્ન કરવાં નથી. સવારે વહેલા ઊઠવું, જપ, વ્યાયામ, પ્રાર્થના કરવાનો નિયમ છે. પૂ. શ્રીએ તેમને કહ્યું :



"લગ્ન ન કરવાં હોય તો સુખ ઉત્તમ પ્રકારનું છે. એ રીતે જીવન જીવવું હોય તો સારાં જ પુસ્તકો વાંચો, સ્ત્રીઓ સાથે એકાંતમાં ન રહો, મહિને બચત કરો, થોડું પણ સત્કર્મ કરો, કામ તો કરો જ. નોકરી ધંધો છોડવાની વાત ન કરો.

શ્રી વિજયભાઇને પૂ. શ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું. વળી બાબુભાઇએ પણ પોતાની વાતો કરી. ફરતાં ફરતાં પૂ. શ્રીની આ સત્સંગની મંડળી એક બગીચામાં આવીને ગોઠવાઇ. પૂ. શ્રી પણ સૌની સાથે ગોળાકારમાં પલાંઠી વાળી નીચે હરિયાળી પર બેઠા. પૂ. શ્રીએ ૦ાા કલાક ધ્યાન કરવાની સૌને સૂચના આપી, જેથી સૌ ધ્યાનમાં બેઠા. ધ્યાનને અંતે પૂ. શ્રીએ નીચેની પ્રાર્થના સૌને ગવડાવીઃ–

હે જગત્રાતા, વિશ્વવિધાતા
હે સુખ શાંતિ નિકેતન હે
પ્રેમ કે સિન્ધો, દીન કે બંધો
દુઃખ દારિદ્ર વિનાશક હે!
જગ આશ્રય જગપતિ જગવંદન
અનુપમ અલખ નિરંજન હે
પ્રાણ સખા ત્રિભુવન પ્રતિપાલક
જીવન કે અવલંબન હે–

પ્રાર્થના બાદ પૂ. શ્રી સાથે સૌ ઊભા થયા સૌ છૂટા પડયા. પૂ. શ્રી માટે દૂધ લેવા માટે શ્રી કલ્યાણ પૂ. શ્રીની સાથે આવ્યા.

આજે પૂ. શ્રીએ ગરમ દૂધ, કેરી ને હળવો નાસ્તો લીધો ત્યારબાદ આરામ. હરિઃ ૐ. (ક્રમશઃ)

અલાસ્કાની એ અલૌકિક અમર

# ગુરુપૂર્ણિમા

સુશીલાબેન એમ. ભક્ત

અલાસ્કા એ અમેરિકાની એક સુંદર, રમણીય ખનીજ સંપત્તિથી સંપન્ન ભૂમિનો વિશાળ, હિમાચ્છાદિત પર્વતમાળાથી સુશોભિત પ્રદેશ છે. અહીં ગ્રીષ્મઋતુની હરિયાળી વનરાજિની શ્યામતામાં કૈલાસનો ૐકાર કે વ્રજની કુંજ નિકુંજમાંથી માધવ-ની મુરલીનો બ્રહ્મનાદ સાંભળી શકાય એવી, કેવળ શાંતિ પ્રસરી રહી હોય છે.

એવા શાંત પ્રદેશમાં અમારી પૂ. મા સાથેની અમરયાત્રાના અનુસંધાનમાં ભારતીય સંસ્કૃતિની પરંપરાગત પાવન ગુરુ-પૂર્ણિમાનો આધ્યાત્મિક દિવસ ઊગ્યો. સહુને એક અનેરો ઉત્સાહ હતો કે આપણે પૂ. માના સાંનિધ્યમાં, એક ભવ્ય અજોડ દિવસના આશીર્વાદ લઈશું.

આ દિવસે વેદકાલિન સનાતન સમયથી ગુરુનું પૂજન થાય. ગુરુનાં આશીર્વચનોનું રસપાન થાય. ગુરુદક્ષિણામાં ભેટની પરંપરા સચવાય અને મહાપ્રસાદનો લ્હાવો લેવાય. આમ એક દિવસના ઉત્સવની સમાપ્તિ થાય.

અહીં આજે અમારી યાત્રામાં ગુરુપૂર્ણિમાનું સ્થળ–સ્થાન અદ્ભુત–અકલ્પનીય અને અણધાર્યાં હતાં. અને તે હતા પેસીફિક મહાસાગરનો અખાત અને મહાસાગરમાં પણ મસ્મોટું વિશાળ જહાજ. અલબત્ત અગાઉથી કોઇ સુયોજિત યોજના ન હતી.



સહજ રીતે એ દિવસે અમારે જહાજમાં રાત્રિ–નિવાસ કરીને પરિપૂર્ણ કરવાનો હતો.

અમારી બસની યાત્રા જે સળંગ ચાલતી હતી, તે ક્રમાનુસાર ૮ મી જુલાઇએ સ્ટીમરમાં બેસવું જ પડે એવું હતું. અમારે એડમન્ટન (કેનેડા) શહેરમાં પાછા ફરવા માટે સાગરી પ્રવાસ જ કરવો પડે તેવું હતું. આ સ્થળથી કોઇ ભૂમિમાર્ગની સુવિધા જ ન હતી. જેથી એ જળયાત્રા ફરજિયાત હતી. તારીખ ૮ મીની સવારે ૯–૩૦ કલાકે અમે સહુ બંદર પર આવી પહોંચ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી અમારી બસના ડ્રાઇવર તરીકે એક છોકરી જે અમારી સારથિ હતી. તે કેથી સાથેની વિદાઇની સવાર પણ હતી. તેણે એક ભાવવાહી વિદાઇ ગીત ગાયું. તેણે ભારતીય સાડી થોડા કલાક માટે પરિધાન કરી હતી. તે જય કૃપાળુ મા, નમસ્તે, આવજો, ૐ યોગેશ્વરાય નમઃના શુદ્ધ ઉચ્ચાર કરતાં શીખી ગઇ હતી. તેને પૂ. માએ પણ ભેટ આપી. એટલું જ નહીં, તે સાડીનો પૂરો વેશ પણ શ્રીમતિ જ્યોત્સનાબેન પાસેથી લઇ ગઇ. ભાવ-ભીની વિદાઇથી પૂ. મા સહિત સહુને ભીંજવી ગઇ.

બે એક કલાકમાં સ્ટીમરમાં સહુ ગોઠવાઇ ગયા. ભારતના સમય પ્રમાણે અહીંની આઠમી જુલાઇએ રાત્રે ગુરુપૂર્ણિમા શરૂ થઇ ચૂકી હતી. જેથી પૂ. માએ એકદમ અચાનક સહુને સાંજની પ્રાર્થનામાં એકત્રિત કરી દીધાં.

પૂ. માએ મૌનની ભાષામાં સંકેત આપ્યા. ચાલો આપણા ગુરુજીના ચરણકમળને કયા નિર્મળજળથી પૂજીએ? પખાળીએ? નિર્જળા ઉપવાસથી? ફળદૂધ લઇને? કે કેવળ જલપાનથી? સહુ ભક્તોએ એ ચંદ્રની તેજસ્વી ચાંદનીમાં, સાગરના ઘૂઘવાટમાં એકી સાથે પ્રચંડ સૂર પૂરાવ્યો કે આપ કહો તેમ.

અને એક અનોખી ભાતીગળ ગુરુપૂર્ણિમાની ઉજવણીની પ્રસ્તાવનાને એ રીતે વધાવી લીધી કે એ ન કેવળ પ્રસ્તાવના રહીં કે ન એ આદેશ કે આજ્ઞા રહી. પણ એ સાક્ષાત્ પરમ તપશ્ચર્યાની આભાને સહુએ એક સાથે સ્વીકારી લીધી. એ તપશ્ચર્યાની જ્યોત કેવી ઝળહળી ઊઠી એનો ઝળહળાટ તો એવો પ્રસર્યો કે સાગર દેવને ઓપાવતા સૂર્યચંદ્ર પણ જોતા જ રહી ગયા.

અને પછી જુઓ એ ચરણકમળને સહુએ કેવી રીતે પખાળ્યા? અરે! કેવાં કેવાં સુગંધી ફૂલડાંની માળા અર્પણ કરી. અહીં કોઇ ગુલાબ, મોગરો, ચમેલી, ચંપો, જાઇ, જૂઇ, કેવડો કે રાતરાણીના સુગંધી ફૂલોની માળા નથી. કે નથી અહીં કોઇ પાસે ધૂપ, દીપ, ચંદન, ગંગાજળ કે પ્રસાદ. અહીં તો ફક્ત આત્મિક ભાવનો દરિયો છે દરિયો. કેવળ શબરીભાવ કે પછી અહીં ગોપીભાવ? અહીં તો ભાવ છાબડીના પૂજાપામાં શ્રદ્ધાની સુવાસ પ્રસરી છે. અહીં તો કોઇએ ૧૦૮ બાવની કરી. તો કોઇએ મૌન રાખીને ૧૦૮ પ્રણામ કર્યા, તો કેટલાકે મન ગમતી સ્તુતિ કે આરતી કરી. તો કોઇએ ૧૦૮ મંત્રજપ માળાનું લેખનકાર્ય કર્યું. તદ્ઉપરાંત સહુએ સ્વૈચ્છિક સંપૂર્ણ અનશન વ્રત પાળ્યું. ફક્ત સાત વ્યક્તિઓએ ફળ–દૂધ લીધાં. ૩૬ વ્યક્તિઓએ નિર્જળા વ્રત પાળ્યું. ત્રણ વ્યક્તિઓએ ફક્ત પાણીપરનું વ્રત પાર પાડયું. આ યાત્રામાં બે નાના ૧૦–૧૧ વર્ષના બાળકો હતા. જેમણે પણ આ અદકેરા ઉત્સવમાં ભૂખ્યા રહીને આ પર્વને ઉજ્જ્વળ કર્યું.

આ તપ–સાધના તા. ૮મીની સાતે નવ વાગે શરૂ થઇ ગઇ. એક સાથે સહુ કોઇ સ્ટીમરના ડેકપર ગોઠવાઇ ગયા. પૂ. મા–પ્રભુનું આસન પણ ગોઠવ્યું. સાગરનો ઘૂઘવાટ અને સૂસવાટાભેર આવતી શીતળ હવાએ સહુને ગરમ કપડાંમાં સજ્જ કરી દીધા હતા. ૐ યોગેશ્વરાય નમઃના મંત્રોચ્ચાર સાથે પ્રાર્થનાઓ ચાલુ



થઇ. દર કલાકને અંતે પાંચ મિનિટનો વિરામ. આમ રાત્રે બાર વાગે કેટલાક સાધકો કેબીનોમાં જઇને સૂઇ ગયા. આ યજ્ઞ રાત્રે શરૂ થયો તે બીજે દિવસે રાત્રે નવ વાગે પૂરો કરવાનો હતો. પૂ. મા કેટલાક સાધકો સાથે બેસી જપકાર્ય કરતાં કરતાં મળસ્કે જ ત્યાંથી ઊઠયાં. ત્યાં બેઠાં તે દરમિયાન સાગર દેવે, એવી તો જાદુઇ કરામત કરી કે પૂ. માની કલમમાંથી સરવાણી ઝરી, અને એ પુનિત ઝરણીસ્વરૂપે કાવ્યોનાં રસપાનથી અમે સહુ ભાગ્યશાળી બન્યાં.

હવે અહીંની ૯ મી જુલાઇનું નવલું પ્રભાત ઊગ્યું. સહુ સવારે નવ વાગે સ્વચ્છ પવિત્ર બનીને સ્ટીમરના એક ભાગના ડેકપર ભેગાં થયાં. ૐ યોગેશ્વરાય નમઃના મંત્રોચ્ચાર સાથે પ્રાર્થના કરી શ્રીમતિ પદ્માબેને પૂ. શ્રીનાં ચરણારવિંદ ને ગંગાજળ વિના સૂકા ચંદનથી પૂજન કર્યું અને સાગરદેવને વિનંતિ કરી કે હે દેવ! તમે અહીં આવો અને અમારાં મા–પ્રભુના ચરણોને પખાળી જજો. હે પ્રભુ, મને ક્ષમા કરજો, હું ગંગાજળ, આરતી લાવવાનું સાવ વિસરી ગઇ છું. પછી પૂ. શ્રી પ્રભુના પદો ગવાયાં. વળી ન્યુજર્સીથી પધારેલા શ્રીમતિ ધીરજબેન નાણાવટીએ ગુરુમહિમાની સદૃષ્ટાંત કથનાત્મક શૈલીમાં રસપાન કરાવ્યું. તો સુશીલાબેને પૂ. શ્રી પ્રભુ સાથેના યાત્રા પ્રસંગો કહ્યા. સહુથી મઝાનું પદ ગવાયું હોય તો તે શ્રી પરમાર્થીનું. મને મારા ગુરુની યાદ ગમે. આ ગીતને પાંચ વ્યક્તિના સમૂહમાં ગવાયું જે ખૂબ જ ભાવવાહી હતું. આજે તો સ્ટીમરમાંથી ઉતરવાનું હતું. જેથી કોઇના પ્રણામ કે માળા બાકી રહ્યા હોય, તેઓ પોતપોતાની પુષ્પમાળાને ગૂંથવામાં પરોવાઇ ગયા. સાંજે સાડા સાત વાગે સ્ટીમરમાંથી બહાર નીકળ્યા.

સ્ટીમરમાંથી સીધા બસમાં બેસી ત્રણ કલાકનું પ્રયાણ હતું. તે દરમિયાન ભજન, ધૂન, સંકીર્તનથી એવી તો પ્રભુની ઉપાસના થઈ કે અનશન–વ્રતનો અણસાર પણ રહ્યો નહીં. સહુ કોઈ મસ્તીમાં રંગે ચઢ્યા.

કેટલીક વ્યક્તિઓનો આ પ્રકારનો ઉપવાસ પ્રથમવાર જ હતો. કોઈકે તો પાણીપરનો મૌની ઉપવાસ નોંધાવ્યો હતો. પણ સંકીર્તનની મસ્તીમાં એવા ડૂબ્યા કે પાણી પીધું નથી તે પણ વિસરાઈ ગયું. અને એ રીતે એક નિર્જળા ઉપવાસની પાંખડી પ્રભુને ચરણે અર્પણ થઈ ગઈ! કેવી સાહજિકતા હતી! પૂ. માના આદેશની કેવી શિસ્ત હતી! કેવી પાવન સાધના હતી! કેવી અનેરી શ્રદ્ધા હતી!

આ બધામાં પૂ. માએ પ્રભુના ચરણોમાં કેવો અદ્‌ભુત દૈવી આત્મિક ભાવ અર્પણ કર્યો. તેને જરા વિચારીએ, આશ્ચર્ય અનુભવીએ. નિર્જળાવ્રત, ૧૦૮ વખત સ્તુતિ, એક લાખ મંત્રજાપ, ૩૧૧ પ્રણામ. વળી આ સંકલ્પ પૂરો ન થાય ત્યાંસુધી એક દિવસ થઈ ગયો હોય તોપણ તેમાં કોઈ વિકલ્પ કે છૂટછાટ નહીં. કદાચ કોઈ તપસ્વી ઋષિ આ સાગરપટમાં વિહાર કરતા હોય તો તે પણ આ તપશ્ચર્યા સામે ઝૂકી જાય. ધન્ય છે. હે વીરાંગના જગજનની તુજને! કે આ વિશાળ સંપત્તિવાન કુદરત પણ તને ધન્યવાદ આપી, તુંજ ચરણે વંદન કરી, એક સૈનિકની અદાથી સલામ કરે.

આવી છે અમારી ગુરુપૂર્ણિમાની સુડતાલીશની સલામ.

**પૂજ્ય માનો આદેશ**

બુધવાર ૮ જુલાઈ–૧૯૯૮

આવતીકાલે ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ છે. એ પ્રસંગે સૌને ખાસ સૂચનાઃ–



ગુરુપૂર્ણિમાનો ઉપવાસ ફરજીયાત નથી. જેને ઉપવાસ કરવો હોય તે નીચે મુજબ પણ કરી શકે.

૧. નિર્જળા (પાણી પણ નહીં) ઉપવાસ પણ કરી શકાય.

૨. ફક્ત સાદા પાણી ઉપર પણ રહી શકાય.

૩. ફક્ત ફળદૂધ ઉપર પણ રહી શકાય.

૪. ફક્ત ૧ ટંક ભોજન કે ૧ ટંક ફળાહારી વાનગી લઈને પણ કરી શકાય.

ઉપવાસ કરો કે ના કરો પણ નીચે મુજબ કોઈ પણ એકનો અમલ જરૂર કરવો.

(સમય : આજે રાતે નવથી આવતી કાલે રાતે નવ સુધી)

૧. ૧૦૮ શ્રી યોગેશ્વર બાવની કરી શકાય.

૨. ૧૦૮ તમને ગમતા પાઠ કરી શકાય.

૩. ૧૦૮ ગમતી સ્તુતિ કરી શકાય.

૪. ૧૦૮ તમને ગમતી કોઈ આરતી પણ કરી શકાય.

૫. ૧૦૮ તમને ગમતી કોઈ પ્રાર્થના પણ કરી શકાય.

૬. ૧૦૮ તમારા ઈષ્ટમંત્રની માળા કરી શકાય.

૭. ૧૦૮ પ્રણામ પણ કરી શકાય.

સાતમાંથી કોઈ પણ રીતે એકસો આઠ ફૂલની માળા શ્રી સદ્‌ગુરુના શ્રી ચરણોમાં અર્પણ કરી આપણે સૌ ગુરુપૂર્ણિમા ઉજવીયે.

## પૂ. માના આદેશનો અદ્‌ભુત પ્રતિભાવ

(અલાસ્કા યાત્રા માતાનુસ્કા ફેરીમાં હેઇન્સથી પ્રીન્સ રૂપર્ટ)

| | | | |
|---|---|---|---|
| ૧. | પૂ. મા | નિર્જળા | ૩૧૧ પ્રણામ, ૧૦૮ સ્તુતિ, ૧ લાખ મંત્રજાપ |
| ૨. | કંચનબેન | ફળાહાર | ૧૦૮ મંત્ર, ૧૦૮ પ્રણામ |
| ૩. | સરોજબેન પટેલ | નિર્જળા | ૧૦૮ પ્રણામ, ૧૦૮ સ્તુતિ |
| ૪. | સુશીલાબેન | ફળાહાર | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |
| ૫. | રંજનબેન | નિર્જળા | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |
| ૬. | કિશોર | નિર્જળા | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |
| ૭. | સુરેશ | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૮. | સત્યેન ઉ.વ. ૧૧ | ફળાહાર | ૧૦૮ માળા |
| ૯. | પાવન ઉ.વ. ૧૦ | ફળાહાર | ૧૦૮ પ્રણામ |
| ૧૦. | ભગવાનજીભાઇ | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૧૧. | વિનોદભાઇ | નિર્જળા | ૧૦૮ પ્રણામ, ૧૦૮ બાવની |
| ૧૨. | ચંદુભાઇ | નિર્જળા | ૧૦૮ માળા |
| ૧૩. | જયેશ | નિર્જળા | ૧૦૮ બાવની |
| ૧૪. | વિમળાબેન | નિર્જળા | ૧૦૮ બાવની |
| ૧૫. | જ્યોત્સનાબેન | પાણી | ૧૦૮ બાવની |
| ૧૬. | નીરૂબેન | નિર્જળા | ૧૦૮ સ્તુતિ, ૧૦૮ બાવની |
| ૧૭. | ધીરજબેન | ફળાહાર | ૧૦૮ માળા, ડાયરી, ૨૦ માળા |
| ૧૮. | અનિલ | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૧૯. | સુરેશભાઇ મિસ્ત્રી | નિર્જળા | ૧૦૮ માળા |
| ૨૦. | રાજુ | નિર્જળા | ૧૦૮ બાવની |
| ૨૧. | નરેન્દ્રભાઇ મિસ્ત્રી | નિર્જળા | ૧૦૮ માળા |
| ૨૨. | યોગેશ | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૨૩. | વાસુદેવભાઇ | નિર્જળા | ૧૦૮ બાવની |
| ૨૪. | અંબુભાઇ | નિર્જળા | ૧૦૮ સ્તુતિ |



| | | | |
|---|---|---|---|
| ૨૫. | પ્રભુદાસભાઇ | નિર્જળા | ૧૦૮ પ્રણામ, ૧૦ સ્તુતિ |
| ૨૬. | જગુભાઇ | નિર્જળા | ૧૦૮ આરતી |
| ૨૭. | પદ્માબેન | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ, ૧૦૮ બાવની |
| ૨૮. | હંસાબેન | નિર્જળા | ૧૦૮ સ્તુતિ, ૧૦૮ પ્રણામ, ૨૧ બાવની |
| ૨૯. | રૂક્ષ્મણીબેન | નિર્જળા | ૧૦૮ સ્તુતિ, ૧૦૮ પ્રણામ, ૧૫૧ માળા, ૧૧ શિવમહિમ્ન |
| ૩૦. | ચંપાબેન | પાણી | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૩૧. | લીલીબેન | ફળાહાર | ૧૦૮ માળા |
| ૩૨. | ગુલાબબેન | નિર્જળા | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |
| ૩૩. | શારદાબેન | નિર્જળા | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |
| ૩૪. | સુનંદાબેન | પાણી | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |
| ૩૫. | રમણભાઇ | નિર્જળા | ૧૦૮ માળા |
| ૩૬. | અમૃતભાઇ | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ બાવની |
| ૩૭. | ચંદ્રકાન્તભાઇ | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ બાવની |
| ૩૮. | નરેન્દ્રભાઇ નાણાવટી | નિર્જળા | ૧૦૮ મંત્રજાપ, મૌન, ૧૦૮ પ્રણામ |
| ૩૯. | આદર્શબેન | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૪૦. | મંજુબેન | નિર્જળા | ૧૦૮ માળા |
| ૪૧. | સરોજબેન લાડ | ફળાહાર | ૧૦૮ બાવની |
| ૪૨. | શીપ્રા | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૪૩. | સરોજબેન ભાવસાર | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૪૪. | ઇન્દિરાબેન | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ બાવની |
| ૪૫. | અનસૂયાબેન | નિર્જળા | ૧૦૮ બાવની, ૧૦૮ બાવની, ૧૦૮ પ્રણામ |
| ૪૬. | પ્રભાબેન | નિર્જળા | ૧૦૮ માળા, ૧૦૮ પ્રણામ |

# પૂ. યોગેશ્વરજીના કૃપાપ્રસંગ–૨

કલ્યાણ

પૂ. મા અને ગુરુદેવપ્રભુની પરમ કૃપાથકી અનેક સાધકોનાં જીવન પરમ ઉજ્જ્વળ થયાં છે. મલિન સંસ્કારોની દુર્ગંધથી સબડતા જીવોને સુવાસિત અને સ્વચ્છ કર્યાં છે. કોડીના મૂલના જીવનને કોહિનૂર જેવાં મૂલ્યવાન કર્યાં છે.

અહીં આપણે ગુરુદેવપ્રભુની કૃપાથી રસાયેલા અને અત્યારે જીવનમાધુર્યથી મ્હેંક મ્હેંક થતાં પ્રફુલ્લિત જીવનના ઉલ્લાસનો આનંદ માણી રહ્યા છીએ.

સુરત પાસેનું માસમા ગામ, ત્યાં એક દંપતી રહે, શ્રી વિજુ-બેન અને શ્રી નટુભાઇ. સમજુ અને સંસ્કારી છતાં ઇંદ્રિયોની પરવશતા સામે સંસ્કારો લાચારીનો અનુભવ કરે!

દાંપત્યજીવનમાં સામાન્ય રીતે સ્ત્રીઓ કરતાં પુરુષોને વ્યસનો-નો રોગ જલ્દી લાગુ પડી જાય છે. અહીં શ્રી નટુભાઇનું પણ એવું જ થયું. બંને સર્વીસ કરે, પરંતુ આવકનો પ્રવાહ મનની ક્ષુદ્ર માંગણીઓ તરફ વળી ગયો! પરિણામે શ્રી નટુભાઇનું મન વ્યસનોનું ગુલામ બની ગયું અને ધીમે ધીમે ચા, તમાકુ, સોપારી-થી અગળ વધતાં અભક્ષ્ય પદાર્થોસુધી ઘસડાઇ ગયું! પાસે જ રહેલા આત્મસુખના ગંગાજળને છોડીને મૃગજળના આભાસી સુખ પાછળ મન દોડવા લાગ્યું! વ્યસનોમાંથી જ જાણે જીવનરસ ટપકતો હોય તેવી ગુલામદશાએ મનને મૂકી દીધું! વ્યસનની ગતિએ વિવેકજ્યોતિને બુઝાવી દીધી! તમાકુ ચાવવાની, સોપારી



ખાવાના અને ચા પીવાની ટેવને કોઇ હદ જ ના રહી! વળી અભક્ષ્ય પદાર્થનો મહાનંદ તો જુદો જ!

વ્યસનોની પકડ ભયાનક હોય છે. શરીર, સંબંધીઓ, અને ડોક્ટરોની ચેતવણીઓ છતાં તેની પકડમાંથી છૂટી શકાતું નથી. રીતસર લાચારીનો અનુભવ કરવો પડે છે. મરવું મંજૂર, પરંતુ વ્યસનોની ગુલામીમાંથી છૂટવું ના મંજૂર!

ઘણાં વર્ષોથી એક સાધુપુરુષ મારા પરિચયમાં છે. ઘરબાર છોડીને સંન્યાસ લીધો છે. પ્રખર બુદ્ધિશાળી અને યોગવિદ્યામાં પારંગત! વર્ષોસુધી તપસ્વી જીવન જીવ્યા, પરંતુ છેક વિદ્યાર્થી અવસ્થાથી પડી ગયેલી બીડી પીવાની આદર ન છૂટી! બીડી પીવાના વ્યસને એટલી તો મજબૂત પકડ જમાવી કે પ્રખર બુદ્ધિ અને યોગવિદ્યાની પારંગતતા બીડીના વ્યસન આગળ પાણી ભરવા લાગ્યાં! અધ્યાત્મપંથ છૂટી ગયો પરંતુ બીડી ના છૂટી તે ના જ છૂટી! હવે જ્યારે શરીરમાં રોગે ઘેરો ઘાલ્યો ત્યારે ડોક્ટરો-એ બીડી છોડવાની સલાહ આપી. પરંતુ તેમણે ડોક્ટરોને ચોક્ખું જણાવી દીધું છે કે મોત મંજૂર છે પણ બીડી તો નહીં જ છૂટે, હવે તો તે લોહીમાં ભળી ગઇ છે! આજે બીડીની ગુલામી આગળ જીવન લાચાર થઇને ઊભું છે. તેમણે આખરનું અલ્ટિમેટમ આપી દીધું છે કે હવે તો બીડી સાથે જ મૃત્યુને વરવું છે!

આ છે વ્યસનની નાગચૂડ! શ્રી નટુભાઇ પણ આ નાગચૂડ-ની ભીંસમાં આવી ગયા. વ્યસનોને લીધે સુસ્તિ અને કંટાળો કાયમના સાથીદાર બની ગયા! વ્યસનોને અર્ધ્ય આપ્યા સિવાય પ્રભાત પ્રકટે નહિ અને સ્ફૂર્તિ આવે નહિ! શ્રી નટુભાઇએ એક વાત સ્વીકારી લીધી કે મૃત્યુપર્યંત હવે આ વ્યસનો છૂટશે નહિ.

વ્યસનોની ગુલામી કોઠે પડી ગઇ! ગુલામીમય જીવનનો સ્વીકાર કરી લીધો. સિંહ જાણે ઘેટું બની ગયું! વ્યસનોમાં સપડાયેલા માણસને આધ્યાત્મિક વિકાસની વાત તો ક્યાંથી રુચે! જીવનની સાચી પ્રગતિ વિષે જાણે પૂર્ણવિરામ મૂકાઇ ગયું!

જીવન તો શુભ અને અશુભ સંસ્કારોનો શંભુમેળો છે. શ્રી નટુભાઇના પૂર્વજન્મના કોઇ પ્રબળ પુણ્યયોગે તેમને શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ પરમપુરુષના દર્શન થયાં. એ અવતારી પરમ પુરુષના દર્શન તેમના શુભસંસ્કારો જાગૃત થઇ ગયા! એ પરમદર્શને શ્રી નટુભાઇની જીવનદિશા પલ્ટી નાંખી!

૧૯૮૩ માં એમ. ટી. બી. કોલેજ સુરત ખાતે પૂ. શ્રીની દશમી ધ્યાન શિબિરનું આયોજન થયું, તેમાં ભાગ લેવા શ્રી નટુભાઇ પણ ગયા! શિબિરના છેલ્લે દિવસે પૂ. શ્રીએ જાહેર કર્યું કે જેમને પણ પોતાનાં વ્યસનો છોડવાં હોય તેઓ મારી સમક્ષ આવીને પાણી મૂકે અને વ્યસનો કાયમને માટે છોડવાનો સંકલ્પ કરે.

હવેની વાત શ્રી નટુભાઇના શબ્દોમાં જોઇએ. શ્રી નટુભાઇ કહે, "મને મનમાં બીક તો હતી કે મારાથી વ્યસનો નહિ છૂટે. છતાં સૌની સાથે લાઇનમાં ઊભો રહ્યો. મારો વારો આવ્યો ત્યારે મેં પૂ. શ્રીને કહ્યું કે હું પાણી તો મૂકું છું પણ મારાથી વ્યસનો નહિ છૂટે. પૂ. શ્રીએ કહ્યું કે અમારી ઇચ્છા છે તમને વ્યસન મુક્ત કરવાની. એટલે તમારી ઇચ્છા થશે તોપણ વ્યસન નહિ કરી શકો. એમ કહી મને પ્રસાદીમાં વરીયાળી આપી, કહ્યું કે વ્યસનની ઇચ્છા થાય ત્યારે વરીયાળીનો પ્રસાદ લેવો." બસ, ત્યારથી પૂ. શ્રીની કૃપાથી વ્યસનો ગયાં તે ગયાં. પછી ક્યારેય પણ તેની ઇચ્છા



થઇ નથી. પૂ. શ્રી મારામાં પોતાની સંકલ્પશક્તિને કાર્યાન્વિત કરીને મારા મનમાંથી વ્યસનોનાં સંસ્કારો કાયમને માટે કાઢી નાંખ્યા!"

આ છે ગુરુદેવપ્રભુની કૃપાની કમાલ! પૂ. શ્રીએ ફક્ત વ્યસનો જ નથી છોડાવ્યાં પણ કૃપા કરીને અધ્યાત્મપંથના અગમ્યપ્રદેશમાં વિહરતા પણ કરી દીધા! જીવનને જાણે નવા જોમ, ઉલ્લાસ, ઉજાસ અને ઉત્સાહથી ભરી દીધું! ક્યાં એ વ્યસનો અને દુર્ભાવો-થી ભરેલું કાદવના કીડા જેવું જીવન અને ક્યાં આ પરમપ્રેમના આકાશમાં મુક્તપણે વિહરવાનો આનંદ!

પૂ. શ્રીની કૃપાદૃષ્ટિ સાંપડયા પછી શ્રી નટુભાઇનું જીવન જાણે ગુરુદેવપ્રભુની કૃપાથી છવાઇ ગયું. જીવનમાં પડેલા ડાઘોને પોતાના કૃપામૃતથી ધોઇને સ્વચ્છ અને પવિત્ર બનાવી દીધું! આજે તો શ્રી નટુભાઇ અધ્યાત્મ સંસ્કારોથી સંપન્ન ઋષિદંપતી જીવન માણી રહ્યા છે. શ્રી વિજુબેન તો જાણે સૌના પ્રેરણામૂર્તિ બની ગયાં છે. આ દંપતીએ આજે તો દામ્પત્યજીવનને એવું તો અધ્યાત્મ સંસ્કારોથી સજાવ્યું છે કે તેમના સંસ્કારસિંચનથી તેમના સંતાનો જાણે સવાયા થઇને દીપી ઊઠયા છે!

માસમાનું તેમનું નિવાસસ્થાન 'પ્રકાશના પંથે' જાણે પૂ. મા અને ગુરુદેવપ્રભુનું મંદિર બની ગયું છે! સુપુત્રો શ્રી જયેશ-કુમાર, મૂકેશકુમાર અને મનીષકુમાર તેમ જ ત્રણેય પુત્રવધૂઓ જાણે પ્રભુમંદિરના પાર્ષદો બની ગયાં છે! 'પ્રકાશના પંથે' જાણે તીર્થસ્થાન બની ગયું છે. કીર્તનો, આરતીઓ, પ્રાર્થનાઓ અને સત્સંગથી સદાય ગૂંજતું રહે છે. શ્રી નટુભાઇ અને વિજુબેન તથા તેમના સંતાનોના પરમભાવનો સ્વીકાર કરીને પૂ. માએ બબ્બેવાર

તેમના નિવાસસ્થાનમાં પોતાના પુનિત પગલાં પાડયાં છે. પૂ. માના સુભાગમનના સૌભાગ્યની તુલના કોઇ સાથે થઇ શકે નહિ! પ્રકટ પરમશક્તિની પધરામણી ત્યાં જ થાય જ્યાં પરમધામ જેવી પવિત્રતા અને પ્રેમનો પરમપ્રકાશ પથરાયેલો હોય!

ગુરુદેવપ્રભુની કૃપા જીવનમાં પથરાય તો કેવા પરમ ઉજાશ-થી જીવન દીપી ઊઠે તેનું ઉદાહરણ શ્રી નટુભાઇનું અત્યારનું જીવન સાક્ષી પૂરી રહ્યું છે. આ પ્રભુપ્રેમના સંસ્કારોથી શોભિત આ સમગ્ર કુટુંબ આપણા સૌના માટે પ્રેરણાતીર્થ બની ગયું છે.

(૨)

શ્રી નટુભાઇના સહધર્મચારીણી શ્રી વિજુબેન પણ એટલાં જ ભાવિક અને સંસ્કાર સંપન્ન સન્નારી છે. સાચા અર્થમાં તેમના કુટુંબને આધ્યાત્મિક સંસ્કારોનો વારસો આપનાર તો શ્રી વિજુ-બેન છે. આજે વર્ષોથી પૂ. મા અને ગુરુદેવપ્રભુને પોતાના આરાધ્ય ઇષ્ટદેવ તરીકે પોતાના હૃદયમાં પરમોચ્ચ સ્થાન આપ્યું છે. પૂ. મા અને ગુરુદેવપ્રભુની પરમકૃપા શ્રી વિજુબેનના શ્રદ્ધા-ભક્તિ સંપન્ન હૃદયદ્વારા પ્રકટીને સારાય કુટુંબમાં પ્રવાહિત થઇ છે! તેમની શ્રદ્ધા ગુરુદેવપ્રભુએ આપેલી અનેક અનુભૂતિઓથી સંપન્ન થયેલી છે. અહીં ગુરુદેવપ્રભુએ પરમકૃપા કરી જે અદ્‌ભુત અનુભૂતિનું દાન આપ્યું તેનું દર્શન કરીએ.

શ્રી વિજુબેનની આ દિવ્ય અનુભૂતિમાં પૂ. મા અને ગુરુદેવ-પ્રભુની પરમકૃપાને પ્રતિબિંબિત થતી આપણે જોઇ શકીએ છીએ.

શ્રી વિજુબેનની અનુભૂતિનો પ્રસંગ તેમના જ શબ્દોમાં જોઇએ.

મને ગુરુદેવ પ્રભુના પુસ્તક "કળીમાંથી ફૂલ"નો પ્રસંગ ખૂબ



જ ગમી ગયેલો, એટલે વારંવાર એ પ્રસંગ વાંચતી અને પૂ. માના જગદંબા સ્વરૂપમાં મારી શ્રદ્ધા દૃઢ કરતી.

પુસ્તકમાં પ્રસંગ આ પ્રમાણે હતો. પૂ. મા અને પ્રભુ ભક્તો સાથે શ્રી ઠાકુરના લીલાસ્થાન દક્ષિણેશ્વરના દર્શને ગયા છે. શ્રી ઠાકુરના નિવાસસ્થાનેથી દક્ષિણેશ્વરની અધિષ્ઠાત્રી દેવી શ્રી મહા-કાલીના દર્શન કરવા પૂ. શ્રી તથા પૂ. મા ભક્તો સાથે દક્ષિણેશ્વર-તીર્થના વિશાળ આંગણામાંથી પસાર થઇ રહ્યાં છે.

પૂ. શ્રીએ એકાએક માર્મિક ટકોર સાથે પરમસત્યનું પરમ રહસ્યોદ્ઘાટન કરતા કહ્યું, "દર્શન કર્યાં? ના કર્યાં હોય તો, કરી લો, (પૂ. મા તરફ અંગૂલિનિર્દેશ કરતાં કહ્યું.) જે મંદિરમાં છે, તે જ આ છે" માર્મિક ટકોર ફરીવાર દોહરાવતાં કહ્યું, "મંદિરમાં છે તે જ આ છે. મંદિરમાં છે તે બોલતાં નથી, પરંતુ આ તો બોલે છે. આપણી વચ્ચે જ સામાન્ય સ્વરૂપમાં ફરી રહ્યાં છે. કોઇ બડભાગી આત્માઓ જ તેમને ઓળખી શકશે. જે ઓળખશે તેઓ ધન્ય બની જશે."

પૂ. માના પરમ સત્યસ્વરૂપનું દર્શન કરાવતો આ પ્રસંગ પુસ્તકમાંથી વારંવાર વાંચતી. જેવું પુસ્તક ખોલતી કે તે જ પ્રસંગ અનાયાસે મારી નજર સામે આવતો. પૂ. માનો મહિમા જાણી તૃપ્તિનો આનંદ માણતી.

સંજોગો બદલાયા. થોડા દિવસ પુસ્તક જ ના મળ્યું! હું પણ મારા નોકરી અને સંસારી કામમાં વ્યસ્ત થઇ ગઇ. મહિનાઓ થઇ ગયા. પૂ. માનો મહિમા પણ મનમાંથી ઓસરી ગયો. જાણે સામાન્ય જીવનમાં સરી પડી!

એક રાત્રે પ્રાર્થના કરીને સૂવાની તૈયારી કરતી હતી ત્યાં જ

અર્ધજાગૃત અવસ્થામાં દેહભાન ભૂલાઇ જતાં એક સુંદર દર્શનની અનુભૂતિ થાય છે.

પાણીથી છલ્લોછલ ભરેલું એક સરોવર છે. પૂનમની રાત છે. દિવ્ય સૌંદર્યથી દર્શન દીપી ઊઠયું છે. સરોવરના કાંઠે એક પગદંડી દેખાય છે. આ કેડીપર પૂ. મા અને ગુરુદેવપ્રભુ ધીમે પગલે પસાર થઇ રહ્યાં છે. પૂ. મા આગળ હતાં અને ગુરુદેવપ્રભુ પાછળ હતા. અંતરીક્ષમાંથી એક સુંદર ધ્વનિ સ્પષ્ટ સંભળાય છે. "રાધાકૃષ્ણ ચાલ્યાં" "રાધાકૃષ્ણ ચાલ્યા" દૃશ્ય અને દર્શન એટલું તો મનોહર હતું કે તેનું શાબ્દિક વર્ણન મારા માટે શક્ય નથી.

આ દિવ્યદર્શન માણતાં માણતાં એ દિવ્ય દર્શન આપોઆપ પરિવર્તન પામ્યું અને પહેલાંના દર્શનને બદલે હવે જગદંબાની દિવ્ય વિશાળમૂર્તિનાં દર્શન થયાં અને તરત જ પેલા 'કલીમાના ફૂલ' પુસ્તકના ગુરુદેવ પ્રભુના શબ્દો સંભળાયા. "દર્શન ન કર્યાં હોય તો કરી લો. જે મંદિરમાં છે તે જ આ છે. કોઇ બડભાગી આત્માઓ જ તેમને ઓળખશે અને ધન્ય ધન્ય બની જશે."

મારા સંસાર વ્યવહારમાં ગૂંથાઇ જઇને જે થોડા દિવસો માટે પૂ. માનો મહિમા વિસરી ગઇ હતી તે ગુરુદેવપ્રભુએ કૃપા કરીને તાજો કરાવ્યો. આ દિવ્ય અનુભવ પછી હું ક્યારેય પૂ. માના દિવ્ય સ્વરૂપને વિસરી નથી. જ્યારે પણ પૂ. માના દર્શન કરું છું ત્યારે આ દિવ્યભાવ સાથે દિવ્યદર્શન કરું છું. એક ઘડી પણ પૂ. માનું જગદંબાસ્વરૂપ વિસરાતું નથી. આ ગુરુદેવપ્રભુની પરમકૃપાને લીધે જ પૂ. માના અલૌકિક દિવ્ય સ્વરૂપની પ્રતીતિ થઇ છે. જે ગુરુદેવપ્રભુએ જગદંબાસ્વરૂપ પરમમાતા પૂ. મા સર્વેશ્વરીના પ્રકટ સ્વરૂપે આપ્યાં તેમનો ઉપકાર તો કેમ ભૂલાય!



સમર્થ પરમ પુરુષની કૃપાતણી બલિહારીનો કોઇ પાર પામી શકાય તેમ નથી. શ્રી નટુભાઇ જેવા ધૂળમાં રઝળતા ફૂલને પ્રભુના શ્રી ચરણોમાં અર્પણ થવાની યોગ્યતા આપી આ ગુરુદેવપ્રભુની પરમ કૃપાએ અને શ્રી વિજુબેનને પૂ. માના પ્રકટ સ્વરૂપમાં જગદંબાની દિવ્ય પ્રતીતિ કરાવી તે આ ગુરુદેવપ્રભુની કૃપાએ જ શ્રી નટુભાઇને ગુરુદેવપ્રભુએ પવિત્રજીવનની ભેટ આપી અને આ પવિત્રજીવન કેવા પરમમાતાના શ્રી ચરણોમાં અર્પણ કરાય તેની દિવ્ય અનુભૂતિ પણ શ્રી વિજુબેનદ્વારા આપી. એક જ જીવનમાં ગુરુદેવપ્રભુની દિવ્ય કૃપાએ કેવી કમાલ કરી! કેવા નારકીય જીવનની ગર્તામાંથી ઉગારીને સ્વર્ગીય સૃષ્ટિના પરમાનંદના શિખરે વિહરતા કરી દીધા!

જીવનમાં સમર્થ પરમપુરુષનો આશ્રય મળી જાય તેના જેવું કોઇ સૌભાગ્ય નથી. ગુરુદેવપ્રભુ અને પૂ. માની આ સમર્થતા છે. પૂ. મા જેવાં પરમપુરુષનો પ્રકટ લીલાવિહાર આ પૃથ્વીપર અત્યારે ચાલી રહ્યો છે, ત્યારે આ કૃપાપ્રસંગોદ્વારા તેમનું પરમ માહાત્મ્ય જાણીને પૂ. માના શ્રી ચરણોનો આશ્રય પામી લેવાય તો તેના જેવી સર્વોત્તમ સિદ્ધિ અન્ય કોઇ નથી. આવો અવસર પાછો ક્યારે આવશે? માટે–

ગુરુદેવ ચરણે કર અવિચળ ભક્તિ,
ઝટ થાશે જગમાંથી મુક્તિ.

# સ્વમાં મસ્તીનો આનંદ

લાભુભાઈ દવે

મોટી મૂછોવાળા પાંચ મણ વજનવાળા કરડાચહેરાવાળા કાકા શ્રી લાલબહાદુર ભીમબહાદુર તાકાતવાળાનું મૃત્યુ થયું. અચાનક હાર્ટ એટેક આવવાથી મૃત્યુ થયું.

બાપરે! આટલા ખડતલ માણસનું મૃત્યુ થયું? હા, ભાઈ, એમનું મૃત્યુ થયું અને મૃત્યુ તો સૌનું થાય છે જ.

આ મૃત્યુ થાય એટલે શું થાય?

હૃદય બંધ પડી જાય. શ્વાસ અટકી જાય.

પરંતુ આધુનિક વિજ્ઞાન પ્રમાણે તો મૃત્યુબાદ પણ વ્યક્તિ ત્રણથી ચાર કલાક અમુક અંશે જીવિત હોય છે.

તો આનો અર્થ એમ થયો કે હૃદય બંધ પડતાં મૃત્યુ થાય છે એ વાત સંપૂર્ણ સાચી નથી.

તો પછી સાચી વાત કઈ?

આપણા આ માનવદેહમાં, પ્રાણીમાત્રમાં એક દિવ્ય ચેતના રહેલી છે, આને શક્તિ, પ્રાણ અથવા આત્મા જેવાં નામો આપવામાં આવ્યાં છે, આ ચેતના, પ્રાણ, આત્મા, જ્યારે આપણું આ શરીર છોડી દે છે ત્યારે દેહ ઢળી પડે છે. આ ચૈતન્ય, પ્રાણ, આત્મા, શરીરને છોડી હવામાં અદૃશ્ય થઈ જાય છે,

આનો મતલબ એ થયો કે આપણે આ દેખાઈએ છીએ તે શરીર નથી. પરંતુ તેમાં રહેલી શક્તિ, ચૈતન્ય, પ્રાણ, અથવા



આત્મા છીએ. એટલે આપણે અને આપણી સાચી ઓળખાણ શરીર નહીં, પરંતુ પ્રાણ અથવા આત્મા છીએ, તે હોવી જોઈએ.

એટલે આત્મા અને શરીર અલગ છે. આત્મા આપણા આ શરીરમાં રહેલો છે, દરેક પ્રાણીમાં, પક્ષીમાં, કીટકમાં, વૃક્ષોમાં, માણસોમાં, આ એક જ ચેતના, પ્રાણ, આત્મા વસે છે, આ આત્મા કૂતરા, ગધેડા, કીડા, પંખી, વૃક્ષ, વાંદા, સાપ, વાઘ, માછલી, જળચર, ખેચર, દિવચર તથા મનુષ્ય દરેકમાં તેના જુદા જુદા આકારના શરીરોમાં વાસ કરે છે. મતલબ પૃથ્વી ઉપરના દરેક જીવોમાં એક જ પ્રકારનો પ્રાણ, આત્મા વસે છે, શરીર પડતાં દરેકમાં વસેલો આ આત્મા, વાયુ, વાયુમાં ભળી જાય છે. અને પાછો એ વાયુ, એ આત્મા, કર્મ સંસ્કારના બીજથી નવા દેહમાં પ્રવેશ કરી, ફરીથી કાર્યરત બને છે, આને જ લક્ષચોર્યાશી અથવા જન્મમરણના ફેરા કહેવાય છે.

તો પછી આ ફેરામાંથી છૂટવાનો કોઈ ઉપાય ખરો? હા, ભાઈ! ઉપાય છે. અનુભવી સંતો કહે છે તેમ કશામાં લેપાયા વગર 'સ્વ' એટલે કે આત્મામાં જ મસ્ત રહો. એ કેવી રીતે બને?

આપણી જાતને પૂછીએ, શું આ હાથ આપણે છીએ? પગ આપણે છીએ? માથુ આપણે છીએ? હાડકાં? લોહી? માંસ? મૂત્ર? મળ? હૃદય? મગજ? વાળ? આંખો? ચામડી? જવાબ મળશે ના. જો આપણે આ નથી તો આ બધાની અંદર જે સમાયેલા આપણે છીએ, તે પ્રાણ, આત્મા, આપણે છીએ, હવે શાંત બની વિચારએ કે ઉપરનાં બધાં હાથ, પગ, ચામડી, હૃદય વગેરે આપણે નથી, આ તો મારું રહેઠાણ છે, એ રહેઠાણ સાથે મારે લેવાદેવા નથી. આમ આપણા આ દેહ સાથે સંબંધ ન રાખવાથી

જે બાકી રહેશે તે આત્મા હજુ વધારે શાંત થતાં આપણને ધીમે ધીમે આપણા અસલ સ્વરૂપ આત્માનું જ્ઞાન, ભાન, થતું જશે. ત્યારે દરેક જીવમાં રહેલા આત્માને સમાન માની સરખું જ માન આપવાની ભાવના પાંગરશે. હું જ બધામાં મસ્ત બની વિલસી રહ્યો છું. હું જ બધે છું. હું જ (આત્મા) બધામાં જ છું. એ ભાવ પ્રબળ બનશે, અને ત્યારે ખ્યાલ આવશે કે શિવનો અંશ હું જ શિવ છું. સ્વની ઓળખાણ થઈ જશે. શિવ, શિવને મળી જશે, ફેરા ટળી જશે.

જેમ જેમ મન ઉપર ઇન્દ્રિયો, વિચારો, ભાવો, સંકલ્પ-વિકલ્પ તેમ જ તર્કવિતર્કો ઉપર કાબૂ કરવાનો પ્રયત્ન કરતા રહેશો, તેમ તેમ તમારી ખોવાયેલી શાન્તિ તમને પાછી પ્રાપ્ત થતી અનુભવી શકશો.
યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬
ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



## * ઉપાલંભ *

હે હર! હે હર! હર, હરવા સમ
શું હરવું નવ જાણે?
કામ દહી ને કામી રાખ્યો!
અંતરમાં શું નાણે? હે હર !૦

ક્રોધાગ્નિમાં ભસ્મ ક્રોધ કીધ,
શેષ દીધો સેવકને?
આવાં વરદાનો દેનારા!
ધન્ય વરદ ત્હમને! હે હર !૦

ભસ્મ-લોભી હે સ્મશાન-પ્રેમી!
સંપદ્ ચપટીક દીધી,
ભાલે-કણ્ઠે ભભૂત લગાવી,
કંઠી કાઢી લીધી! હે હર !૦

ભાંગ-મોહ તો ત્રિભુવન જાણે!
મોહ-મદિરા પાઈ!
તારી સમાધિ, મારી ઉપાધિ!
શી ત્હારી ગહરાઇ? હે હર !૦

ત્હારો તપ-મદ! માદક-દમ મુજ
હે ત્રિપુરારિ યોગી?
ષડ્‌રિપુ સંહારી તું બેઠો
રાખ્યો મુજને ભોગી! હે હર !૦

ભોળો-ભટાક તું કહલાવે!
કુડકપટી શું 'અનામી?'

ત્હારી સંગતમાં શી વીતી!
જાણે અંતર જામી. હે હર !૦

હે હર ! હે હરે ! હર, હરવા સમ
શું હરવું નવ જાણે?
તું કૈલાસે લીલા કરતો!
હું માયાવી-ખાણે! હે હર !૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)

□

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્ક્સ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



## * રામાયણ-પારાયણ *

રામાયણ-પારાયણ,
જીવન-શુદ્ધિ યજ્ઞ
મન, થઈ જા એમાં મગન.
પારાયણના પુનિત પર્વે,
આનંદ ઓઘ ઊભરાય,
પ્રેરે સત્કાર્યે જે સહુને.
રામાયણ-પારાયણ,
જે દૈવી જીવન-લોચન.
ધરતી પરનું જંગમ તીરથ,
ગીતાભાખ્યો યોગેશ્વર રથ,
શીખવે જીવનનો પરમારથ.
રામાયણ-પારાયણ,
જે ધરતીના નારાયણ.
ધરતી પરની અમૃતવાણી,
ઊર્ધ્વ જીવનના પ્રેરક પાણી,
એ વિણ સઘળું ફાની ફાની.
રામાયણ-પારાયણ,
જે શાશ્વત જીવનગાયન.
રામાયણ-પારાયણ,
છે જીવન શુદ્ધિ યજ્ઞ
મન, થઈ જા એમાં મગન.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

# અડિયાર નદીના યોગીનો મેળાપ

(ગતાંકથી ચાલુ) મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

એ પછી યોગીને મારે અનેકવાર મળવાનું થયું. એમની સંમતિ મેળવીને સવારે એ ફરવા નીકળતા ત્યારે હું એમની સાથે થઈ જતો, અને જ્યારે એમને ઘેર બેસવા સમજાવી શકતો ત્યારે સાંજનો સમય એ મારી સાથે ઘરમાં જ પસાર કરતા. એ બધી સાંજ મારે માટે તથા મારી શોધ માટે ખૂબ જ લાભકારક થઈ પડતી, કારણ કે પ્રખર તાપને બદલે ચંદ્રનો ઉદય થતો જતો, તેમ તેમ તેમના મુખમાંથી જ્ઞાનના ઊંડાં રહસ્યોનું ઉદ્‌ઘાટન સ્વાભાવિક રીતે જ થયા કરતું.

થોડા વખત માટે મને જે વાતનું આશ્ચર્ય થયેલું તે વાતનો ખુલાસો થોડીક પૂછપરછ પછી તરત થઈ ગયો. મારી સમજ એવી હતી કે હિંદુજાતિ ઘઉંવર્ણી છે. તો પછી બ્રહ્મની ચામડીનો રંગ હબસીના રંગ જેવો કાળો કેમ હશે?

એનો ઉત્તર એ છે કે એ ભારતના પ્રથમ નિવાસી, મૂળ પ્રજાજનમાંના એક હતા. જ્યારે આર્યો વાયવ્ય ખૂણાના પર્વતોમાંથી હજારો વરસો પહેલાં નીચે મેદાની પ્રદેશમાં આવ્યા ત્યારે ત્યાં રહેતા દ્રાવિડયનોને તેમણે દક્ષિણમાં હાંકી કાઢયા. દ્રાવિડિયનો આર્યોના ધર્મને આત્મસાત્ કરી ચૂક્યા હોવા છતાં, આજસુધી અલગ રહ્યા છે. ધખધખતા સૂર્યને લીધે એમની કાળી પડી ગયેલી ચામડી પરથી કેટલાક માનવજાતિશાસ્ત્રીઓ એમ માનવા પ્રેરાય છે કે સૌથી પહેલાં એમનું મૂળ ક્યાંક આફ્રિકામાં હોવું જોઈએ. બીજા



કેટલાક પુરાવા પણ એવું માનવા પ્રેરિત કરે છે. આખા દેશ પરના એમના એકાધિપત્યના એ આરંભના દિવસોની જેમ દ્રાવિડિયનો આજે પણ લાંબા વાળ રાખીને પાછળ અંબોડો વાળે છે, અને એમની અર્ધી ઉચ્ચારેલી મહત્ત્વની ભાષાઓ બોલે છે. એમાં સૌથી અગત્યની ભાષા તામિલ છે.

બ્રહ્મે વિશ્વાસપૂર્વક કહી બતાવ્યું કે આર્યોએ બીજી કેટલીક વસ્તુઓની જેમ યોગનું જ્ઞાન પણ એમની પોતાની જાતિ પાસેથી જ મેળવેલું પરંતુ જેમની આગળ મેં એ દાવો રજૂ કર્યો તે વિદ્વાન હિંદુઓએ તેને નિરાધાર તથા જંગલી કહીને નકારી કાઢયો. એટલા માટે ભારતના મૂળ રહેવાસી—તરીકેનો બીજો ઓછો મહત્ત્વનો મુદ્દો મેં એક બાજુએ મૂકી દીધો.

યૌગિક શરીરશાસ્ત્ર પર કોઈ મહાનિબંધ લખવાનો વિચાર હું નથી કરી રહ્યો, એટલે શરીરસંયમના યોગમાં મહત્ત્વની મનાતી, શારીરિક અવસ્થાઓને શીખવનારી તથા સાચવવામાં મદદ કરનારી બે–ત્રણ ક્રિયાઓના ઉલ્લેખ કરીને જ સંતોષ માનીશ. તાડવૃક્ષોના ઝુંડની વચ્ચે કે મારા નીરસ જેવા ઘરમાં બ્રહ્મે મને જે વીસ કે વધારે આસનો કરી બતાવ્યાં તે દરમિયાન શરીરને સારી પેઠે મરડવામાં આવેલું. પશ્ચિમવાસીઓને તે કઢંગાં, અશક્ય, અથવા બંને જાતનાં લાગે તેમ છે. એમાંનાં કેટલાંકમાં તો પગને ઊંચા કરીને બંને ઘૂંટણોને સરખાં રાખવાનાં હતાં, અથવા હાથની આંગળીઓ પર આખા શરીરને સ્થિર રાખવાનું હતું. કેટલાકમાં પીઠ પાછળ હાથ રાખી, હાથને પાછા આગળ લાવવા પડતા, તો કેટલાકમાં અંગોપાંગોને બાંધી દેવાં પડતાં. વળી બીજા પ્રકારના આસનમાં નટની જેમ પગને ખભાની ઉપર અથવા ગરદનની પાછળ લઈ જવા પડતા. પાંચમી પદ્ધતિમાં ગળાને વિચિત્ર રીતે

વાળવા તથા ફેરવવામાં આવતું. બ્રહ્મને એમાંના કેટલાંક આસનોના પ્રયોગો કરી બતાવતા જોઈને યોગની સાધના કેટલી બધી કપરી થઈ પડે તેમ છે તેની મને ખાતરી થઈ.

'તમારી પદ્ધતિમાં આવાં કેટલાંક આસનો છે?' મેં પૂછી જોયું.

'શરીરસંયમના યોગમાં ચોર્યાસી આસન છે.' બ્રહ્મે ઉત્તર આપ્યો : 'મને અત્યારે ચોસઠ આવડે છે.' એ બોલતી વખતે પણ એમણે એક આસન કરી બતાવ્યું અને એમાં જેવી રીતે હું ખુરસી પર બેઠેલો તેવી જ રીતે આરામથી બેસી રહ્યા. એમણે કહ્યું કે એ એમનું પ્રિય આસન હતું. જો કે એ અઘરું નહોતું પરંતુ આરામપ્રદ ન લાગ્યું. જમણા પગને બેવડો કરી, એની એડીને શરીરના ગુહ્ય ભાગની નીચે લગાડી, બધો ભાર એના પર નાંખી દઈ, ડાબા પગને જમણા પગના સાથળની બેવડમાં દબાવી દીધો.

'આ આસનથી શો લાભ થાય છે?' મેં ફરી પૂછ્યું.

'યોગી એમાં બેસીને અમુક પ્રકારનો પ્રાણાયામ કરે તો વધારે યુવાન બની શકે છે.'

'એ પ્રાણાયામ કયો?'

'એનું રહસ્ય તમારી આગળ નહિ ખોલી શકું.'

'આ બધાં આસનોનો હેતુ શો?'

'કેટલાંક ચોક્કસ આસનોમાં ચોક્કસ સમયસુધી બેસવાની કે ઊભા રહેવાની અગત્ય તમારી દૃષ્ટિએ ઓછી લાગશે. છતાં જો સફળ થવું હોય તો, પોતાની પસંદગીના આસનના અભ્યાસ વખતે ચિત્તશુદ્ધિની એકાગ્રતા તેમ જ ઈચ્છાશક્તિ એટલી બધી પ્રબળ બને છે કે યોગીની અંદર રહેતી સુષુપ્ત શક્તિઓ જાગી



ઊઠે છે. એ શક્તિઓ કુદરતના ગુપ્ત ભંડાર જેવી છે. એ શક્તિઓનું પ્રાકટ્ય પ્રાણાયામની ક્રિયાનો અભ્યાસ કર્યાવિના ભાગ્યે જ થઈ શકે છે, કારણ કે પ્રાણની શક્તિ ઘણી ગહન છે. એ શક્તિઓને જાગ્રત કરવાનું ધ્યેય જ અમારું સાચું ધ્યેય છે. છતાં વીસેક જેટલી ક્રિયાઓનો ઉપયોગ તો કેટલાંક દર્દો દૂર કરવા માટે અથવા સ્વાસ્થ્યલાભ માટે જ કરવામાં આવે છે, અને બીજી ક્રિયાઓની મદદથી શરીરની અંદરની ગંદકી દૂર કરવામાં આવે છે. એ લાભ શું મોટો નથી? બીજાં કેટલાંક આસનો મન તથા આત્મા પર કાબૂ મેળવવામાં મદદરૂપ થાય છે, કારણ કે એ હકીકત નિર્વિવાદ છે કે વિચારની અસર શરીર પર પડે છે તેવી જ રીતે શરીરની અસર વિચાર કે મન પર થાય છે. યોગની આગળની ભૂમિકા દરમિયાન કલાકો સુધી ધ્યાનમાં ડૂબી જવાનો અવસર આવે છે ત્યારે, શરીર જો યોગ્ય આસનમાં હોય છે તો મનને પોતાના પ્રયત્નોમાં શાંતિપૂર્વક લાગી રહેવામાં મદદરૂપ તો થાય છે જ, પરંતુ સાથે સાથે વાસ્તવિક રીતે વિચારતાં, એની ધ્યેયસિદ્ધિને સરળ બનાવે છે. એ ઉપરાંત એ બધી કઠિન ક્રિયાઓમાં લાગી રહેનારા સાધકને મળનારી અસાધારણ ઈચ્છાશક્તિનો વિચાર કરો તો અમારી સાધનામાં સમાયેલી શક્તિઓનો તમને ખ્યાલ આવશે.'

'પરંતુ શરીરને આટલું બધું વાળવાનું ને ઊલટાસૂલટી કરવાનું કારણ?' મેં વિરોધ કર્યો.

'કારણ એ જ કે શરીરમાં કેટલાંય જ્ઞાનતંતુનાં કેન્દ્રો ફેલાયેલાં છે, અને દરેક આસન જુદા જુદા કેન્દ્રને અસર પહોંચાડે છે. એ જ્ઞાનતંતુઓ દ્વારા જુદાં જુદાં અંગોને અથવા મગજના વિચારોને

અસર કરી શકાય છે. શરીરને જુદી જુદી રીતે વાળવાથી જેમનો સંપર્ક બીજી રીતે ન સાધી શકાયો હોય તે કેન્દ્રો પાસે સહેલાઈથી પહોંચી શકાય છે.'

'બરાબર.' એ યૌગિક શરીરશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો મારા મનમાં જરા વધારે સ્પષ્ટતાથી તરવરવા લાગ્યા. યુરોપ અને અમેરિકાની પદ્ધતિઓના મૂળભૂત સિદ્ધાંતોની સાથેના એમના સામ્યને શોધી કાઢવાનું કામ ઘણું રસમય હતું. બ્રહ્મને મેં અમારી એ પદ્ધતિઓના અસ્તિત્વથી વાકેફ કર્યા.

'તમારી પશ્ચિમી પદ્ધતિઓનો પરિચય મને નથી થયો. પરંતુ મદ્રાસની પાસેની મોટી છાવણીમાં મેં ગોરા સૈનિકોને કસરત કરતાં જોયા છે. એમનું નિરીક્ષણ કરવાથી એમના શિક્ષકો શું કરવા માગતા હતા તે હું સમજી શક્યો છું. એમનો પહેલો ઉદ્દેશ માંસપેશીઓને મજબૂત બનાવવાનો દેખાયો કારણ કે તમે પશ્ચિમ-વાસીઓ શરીરને સુદૃઢ ને ક્રિયાશીલ રાખવામાં ગૌરવ ગણો છો. એકની એક ક્રિયાનું પુનરાવર્તન કરીને શરીરના અવયવોનો ઉપયોગ તમે ખૂબ જ બળપૂર્વક કર્યા કરો છો. માંસપેશીઓને મજબૂત કરવા તથા વિશેષ શક્તિ મેળવવા તમે ખૂબ જ જોરથી વ્યાયામ કર્યા કરો છો. ઉત્તરના ઠંડા દેશોમાં એમ કરવું ખરેખર સારું છે.'

'બંને પદ્ધતિઓમાં ખાસ તફાવત શો લાગે છે.?'

'અમારી યોગક્રિયાઓ અમુક ચોક્કસ અવસ્થાઓમાં શાંતિથી બેસતાં શિખવાડે છે. એ અવસ્થામાં બેઠા પછી કોઈ વિશેષ હલન-ચલન કરવું પડતું નથી. ક્રિયાશીલતા વધારવા માટે વિશેષ શક્તિ મેળવવા કરતાં સહન કરવાની શક્તિ વધારવામાં અમે અધિક રસ



લઈએ છીએ. માંસપેશીઓનો વિકાસ ઉપયોગી હોય તોપણ એમની પાછળની શક્તિ વધારે કીમતી છે. હું તમને કહું કે ખભા કે ગરદન પર બધો ભાર મૂકીને ઊભા રહેવાથી મગજમાં લોહી ફરી વળે છે, જ્ઞાનતંતુઓને શાંતિ મળે છે, ને કેટલીક નબળાઈનો નાશ થાય છે, તોપણ તમે પશ્ચિમવાસી હોવાથી એ આસન એકાદ ક્ષણ કરશો અને પછી એને અવારનવાર જોરપૂર્વક કરવા માંડશો. એથી તમારા સ્નાયુઓ સુદૃઢ બની શકે ખરા; પરંતુ પોતાની રીતે એ ક્રિયાનો અભ્યાસ કરીને યોગી જે લાભ મેળવી શકે તેનાથી તમે વંચિત જ રહેશો.'

'એ ક્રિયા કેવી હોય છે?'

'યોગી એ ધીમેથી સમજપૂર્વક કરે છે, અને પોતાની શક્તિ પ્રમાણે થોડી મિનિટસુધી એ દશામાં સ્થિર રહે છે. એ આસનને અમે સર્વાંગાસન કહીએ છીએ. એ તમને કરી બતાવું.'

બ્રહ્મ હાથને ભેગા કરેલા પગની બંને બાજુ રાખીને ચત્તા સૂઈ ગયા. ઘૂંટણ બરાબર સીધાં રાખીને એમણે પગને ઉપર ઊઠાવ્યા. કોણી જમીન પર ટેકવી રાખીને એમણે હાથથી પીઠ પકડી રાખી. એ પછી શરીરને એકદમ ઉપર ઊંચકીને કમર તથા મસ્તકના ભાગ સીધા કર્યા. છાતી આગળ આણીને હડપચીને અડાડી. મસ્તકને મદદરૂપ બનતા હાથ અર્ધગોળાકાર થઈ ગયા, શરીરનો બધો બોજો ખભા પર, માથા પર, અને ગરદનના પાછલા ભાગ પર આવી પડયો.

# સંત શ્રી ગુરુ દયાલ મલિક

ધીરજબેન નાણાવટી, અમેરિકા.

આજે જે સંત વિષે વાત કરવાની છું તે સંત મને ૧૯૬૭ માં પહેલી વાર અનાયાશે ભારતમાં એક ડોક્ટર મિત્રને ત્યાં મળ્યા હતા. તેમનું દિવ્ય, તેજસ્વી, આનંદથી ભરપૂર વ્યક્તિત્વ જોઇને તેમના પ્રેમમાં પડી જવાય. એ પોતે પ્રેમ, નમ્રતા, કરુણાની સાક્ષાત્ મૂર્તિ લાગે. સુંદર, ભવ્ય, તગતગતું કપાળ, ગુલાબી ચહેરો, સફેદ દાઢી, પ્રેમ નીતરતી આંખો, બેઠી કાઠીનું સુડોળ શરીર, મુખપર અમી ઝરતું મીઠું હાસ્ય, આપણું ચિત્ત ચોરી લે તેવું લાગતું હતું. તેમને જોઇને ગુરુદેવ ટાગોરની યાદ તાજી થાય. અમે મળ્યા ત્યારે તેમની સાથે પંજાબના એક બીજા સંત ગુલાબસિંહ પણ હતા. ઊંચી પડછંદ કાયા, શીખના જેવો ફેંટો પહેરેલા, હસમુખા સંતને શ્રી મલિકજી સાથે જોઇને પહેલાં તો હસવું જ આવે. એક ઊંચા પહાડી શરીરવાળા અને બીજા માંડ માંડ તેમના ખભાસુધી પહોંચે તેવા. બંનેની જોડી લોરેન અને હાર્ડીની જોડી યાદ કરાવે તેવા બંનેના નિખાલસ હાસ્યની છોળો ઊડાડતા ચહેરા આસપાસનું વાતાવરણ પ્રસન્નતાથી ભરી દેતા હતા. શ્રી દિલિપકુમાર રોયે તો તેમને "આનંદમય પુરુષ" તરીકે બિરદાવ્યા છે. તેમનું અસ્તિત્વ જ પ્રેમ અને આનંદથી સભર. મને તે વખતે થયેલી વાતચીત ખાસ યાદ નથી, પણ તેમનો પ્રસન્ન ચહેરો આંખ આગળથી ખસતો નથી. શ્રી ગુલાબસિંહ કહેતા હતા, "તેઓ પ્રભુના ફિરસ્તા જેવા લાગે છે. જાણે પ્રભુના બંદા ન હોય!"



તેમનામાં સમતાનો ગુણ એટલો બધો વિકસ્યો હતો કે ન પૂછો વાત!" હવે આપણે શ્રી મલિકજીનો જીવન વૃત્તાંત જોઇએ. આ વૃત્તાંત "વૈષ્ણવજન" (૧૯૭૦)ના અંકના આધારે તેમ જ સંત શ્રી ગુલાબસિંહની અંગ્રેજી ચોપડીના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. કેટલાંક પ્રસંગો "સંત સાગર" પુસ્તકને આધારે પણ ટાંકવામાં આવ્યા છે.

શ્રી મલિકજીને લોકો પ્રેમથી "ચાચાજી"ના વ્હાલસોયા નામથી ઓળખતા હતા. સૌ પ્રથમ તો ચાચાજીની ઓળખાણ આપણે એમના જ લખાણ પરથી કરીએ. તેઓ પ્રભુના પ્રેમી, દિવાના સંત હતા, કારણ કે તેઓ પ્રભુની વ્યાખ્યા "પ્રભુ એટલે પ્રેમ" એમ કહીને પ્રભુનું અમૂર્ત પણ છતાંએ અનુભવી શકાય તેવું સાકાર સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે : "ઘરમાં હરતીફરતી માનું સમર્પણ જોતાં મને તો પ્રભુની ઝાંખી થાય છે. એમ લાગે છે કે જાણે મૂર્તિમંત પ્રેમ હરીફરી રહ્યો છે—માનું સમર્પણ છે ત્યાં મારો પ્રભુ છે. આપણે આપણી આડે રાખેલા ઘુંઘટનો પડદો ખોલી નાંખવાનો છે. આ પડદો એટલે અહંકાર, ઈર્ષા, કામ, ક્રોધ વગેરેનો પડદો. એ જ પ્રીતમના દર્શનની આડે આવે છે. દિલદાર તો તમારા હૃદયમાં જ વસે છે, મનમંદિર સૌથી મોટું મંદિર છે. એ મનમાં પવિત્ર વિચારોનો દીપક પ્રગટાવીને સમર્પણની ભાવનાનો ધૂપ જલાવ્યે રાખો તો દિલદાર રાજી રાજી થઇ જશે." આ લખાણપરથી તેમનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ જોઇ શકાશે.

શ્રી મલિકજીનો જન્મ ૧૮૯૬ માં થયો હતો. પાકિસ્તાનમાં અત્યારે દેરા ઇસમાઇલ ખાન નામનું જે ગામ છે, ત્યાં શ્રી નારાયણદાસ મલિકને ઘરે શ્રી તેજસ્વી દેવીના સુપુત્ર તરીકે તેમણે જન્મ લીધો હતો. તેમના એક મોટાભાઇ પણ હતા, નાનપણથી

જ દૂરના બનાવોની આગાહી મળતી હતી તેનો એક દાખલો જાણવા જેવો છે. એકવાર તેમનાં માતુશ્રી તેની બેનને મળવા ગયાં હતાં ત્યારે ત્યાં પ્લેગ ચાલતો હતો ને બેન માંદી હતી. મલિકજી તેમ જ તેમના મોટાભાઇને શિકારપુરમાં તેમના કાકાને ઘરે મૂકીને ગયાં હતાં, તે વખતે (૭ મી મે, ૧૯૦૭) મલિકજી ૧૧ વર્ષના હતા. રાત્રે ઊંઘમાંથી ઊઠીને તેઓ એકદમ રડવા લાગ્યા અને કહેવા લાગ્યા, "મારી મા મરી ગઇ છે" પહેલાં તો તેમને ઠપકો આપવામાં આવ્યો કે હજુ તો કંઇ સમાચાર નથી આવ્યા ને આમ કેમ કહે છે? બીજે દિવસે સાંજે તાર આવ્યો કે માતુશ્રી સ્વર્ગવાસી થઇ ગયાં છે. આ બનાવ પછી મલિકજીનું મન સંસારપરથી ઊઠી જવા લાગ્યું. તેમનાં માતુશ્રી સાથેનો પવિત્ર સંબંધ હતો તે હવે દિવ્ય બની ગયો, અને તેમને પ્રેમનો પ્રકાશ દેખાવા લાગ્યો. ત્યાર પછી ૧૯૨૧ થી મલિકજી શાંતિનિકેતનમાં શ્રી રવિન્દ્રનાથ ટાગોર પાસે લગભગ ૨૪ વર્ષ સુધી રહ્યા. ત્યાં શ્રી ટાગોરના માર્ગદર્શન નીચે તેમનું જીવન ખૂબ વિકસિત થયું. આ સમય દરમ્યાન તેઓ મહાત્મા ગાંધીજી પાસે સમાજ સેવાનાં કામ માટે અવરનવાર જતા હતા, સાથે સાથે વખતોવખત મોટા મોટા સંતપુરુષો, સૂફી સંતો વગેરેને મળવાનું પણ બનતું હતું. ધીમે ધીમે તેમના જીવનમાં આધ્યાત્મિક વલણ વધુ ને વધુ કેળવાતું જતું હતું! આપણે તેમના દિવ્ય અનુભવની થોડી ઝાંખી કરીશું.

૧૯૨૨ માં માત્ર ૨૭ વર્ષની ઉમ્મરે તેમને પોતાની અંદર દિવ્ય જ્યોત જોયાનો અનુભવ થયો હતો. એમાં તેમણે અનુભવ્યું કે જાણે સૂર્યનારાયણ તેમને સંબોધીને કહેતા હોય હું ભગવાનનો નિમાયેલો પ્રતિનિધિ છું. જે દિવ્ય પરમાત્મા દિવસ ને રાત



પોતાનો પ્રકાશ ફેલાવે છે તેણે મને આજ્ઞા આપી છે કે તું ગુરુદયાલને જઇને પૂછ કે, "તું ક્યારે એની જેમ પ્રકાશશે?" બીજી વાર ૧૯૨૯ માં જ્યારે પોતે પોતાની શાંતિનિકેતનની કુટિયામાં એકાંતમાં હતા ત્યારે જોયું કે કોઇ દિવ્ય શક્તિ પૃથ્વીથી આકાશ સુધીની ઊંચાઇ જેટલી દેખાતી હતી. તે જાણે તેજના થાંભલાની જેમ તેમની સામે ઊભી હતી, અને તેમાંથી સુગંધ મીઠાશ અને શક્તિનો આવિર્ભાવ વિદ્યુતશક્તિની જેમ વહેતો હતો. ગુરુદયાલ મલિક જોતાંવેંત જ એકદમ આનંદમાં ભાન ભૂલી ગયા અને એમના મુખેથી એક કાવ્યમય ગીત સરી પડયું. એ હિંદી ગીતનો ગુજરાતી અનુવાદ શ્રી રમણલાલ સોનીના શબ્દોમાં જોઇએ. (સંતસાગર ભાગ–૨, પૃષ્ઠ ૨૭૨–૭૩) મારા કમરાની છાયામાં હું સૂતો હતો!

ત્યારે તમે મારા જીવનાધાર, મારે ઘેર આવ્યા,<br>
પણ દુર્ભાગ્ય મારું કે હું ઊંઘતો રહ્યો? અને મારું<br>
બારણું બંધ જોઇને તમે પાછા ફરી ગયા,<br>
પછી જ્યારે મેં મારી આંખ ઊઘાડી, અને તમારાં<br>
ચાલી જતાં પગલાંનો અવાજ સાંભળ્યો ત્યારે<br>
મને દિલમાં દર્દ સાથે ભાન થયું કે તમે મારે<br>
ઘેર પધાર્યા હતા!

આ ગીત તેઓ આનંદ અને વિરહની વ્યથા સાથે આંસુ વહાવતા વહાવતા ગાતા જ રહ્યા.

૧૯૩૬ માં તેઓ કરાંચી સાથે દરિયાકિનારે ચાલતા હતા ત્યારે ઓચિંતાનું તેમના હૃદયના ધબકારા સાગરના ઊછળતા મોજાંની સાથે એકતા અનુભવવા લાગ્યા. તે વખતે પણ તેઓ અવર્ણનીય આનંદમાં ડૂબી ગયા અને એ ક્ષણોને આવરી લેતું

એક ગીત આપોઆપ જ મુખેથી વહેવા લાગ્યું, તેનો ભાવાર્થ કંઇક આવો છે. "આજે સવારના પહોરમાં કોણ આવી ચઢયું છે? હમણાં જ રાત્રિ પૂરી થઇ છે ત્યારે કોણ મારા દ્વાર ખટખટાવી રહ્યું છે?" તેણે જવાબ આપ્યો, "એ તો હું છું આજે તારે ઘરે મહેમાન થઇને આવ્યો છું તું કેવી રીતે મારી આગતા-સ્વાગતા કરશે?" મલિક કહે છે કે આ સાંભળીને હું શરમનો માર્યો લાલ લાલ થઇ ગયો. આમ આધ્યાત્મિક ક્ષેત્રે તેઓ ખૂબ આગળ વધતા ગયા. બીજો એક પ્રસંગ પણ નોંધવા જેવો છે. ૧૯૪૨ માં કરાંચીમાં તેઓ માંદગીને લઇને મૃત્યુશૈય્યાપર સૂતા હતા ડોક્ટરો-એ આશા મૂકી દીધી હતી, ત્યાં તો ઓચિંતાની ક્યાંકથી તેમના શ્વાસને દોરતી શક્તિ આવી પહોંચી ને તેઓના મુખમાં નીચેના શબ્દો સરી પડયા, "હે દિવ્ય રંગારા! મારી પર દયા કરો, કૃપા કરો અને મારાં વસ્ત્રો (શરીરરૂપી જીવને) પર રંગ ચઢાવો. મેં તો કેટલીએ વાર રંગ ચઢાવ્યા કર્યો, પણ મારા રંગો તો ઊતરી જાય છે, પણ તમે તો ખૂબ હોંશિયાર કારીગર છો, તેથી તમારા રંગો પાકા છે. મને તો રાજશાહી ભગવો રંગ બહુ ગમે છે. હે દિવ્ય રંગારા! મારાં વસ્ત્રોને તારો ભગવો રંગ ચઢાવી દો. (અહીં વૈરાગ્યના રંગનો સંકેત છે) જ્યારે ગીત પૂરું થયું ત્યારે જાણે કે તેઓનો નવો અવતાર થયો હોય તેમ દેખાવા લાગ્યા, ડોક્ટરો પણ આશ્ચર્યમાં બોલી ઊઠયા કે, "કટોકટીમાંથી ઊગરી ગયા છે. ભગવાનને ધન્યવાદ આપો." ત્યાર પછી તો તેમને ખરેખર વીતરાગ લાગવા માંડયો. ૧૯૪૯ થી તો જાણે તેમનો નવો જન્મ જ થયો હોય તેમ દિવ્ય અનુભવો વધવા માંડયા, તેમની પોતાની શ્રદ્ધા વધવા માંડી, તેમનામાંથી ભેદભાવ જતા રહ્યા ને કોઇ પણ જાતના ધર્મ, સંપ્રદાય, વગેરે પ્રત્યેના તેમના વિચારો સાપની



કાંચળીની જેમ ખરી પડવા લાગ્યા. ધીમે ધીમે ઈશ્વરની સાથેની એકતા વધુ સબળ બની. ૧૯૬૨ માં તેમના ક્વેકર સંપ્રદાયના મિત્રોએ અમેરીકા આવવા માટે નિમંત્રણ આપ્યું. તે વખતે તેઓની તબિયત જાતજાતના રોગોથી ખરાબ થવા માંડી હતી. અમેરીકામાં તેમના ડોક્ટર મિત્રોને એટલી બધી નવાઇ લાગી કે આટલા બધા રોગ હોવા છતાં તેઓ જીવતા કેવી રીતે રહી શક્યા છે? એક જણે હસતાં હસતાં પૂછ્યું : "હિંદુસ્તાનમાં એવી કઇ જાતની અમૂલ્ય દવા મળે છે કે જેનાથી તમે હજુ જીવી રહ્યા છો?" ગુરુદયાલ મલિકે હસતાં હસતાં જવાબ આપ્યો "ખરેખર, મારાં ભલા મિત્રો એવી દવા છે અને એ છે હરિકૃપા." કેટલી અટલ શ્રદ્ધા!

હવે આપણે એમના જીવનમાં બનેલા કેટલાંક અદ્‌ભુત પ્રસંગો જોઇએ કે જેમાં તેમનામાં રહેલી નિર્ભયતા, નમ્રતા, પ્રેમ વગેરેનો પરિચય મળે. એક વાર રાત્રે અચાનક જ એક અજાણ્યો માણસ માલિકજી પાસે આવ્યો ને કહ્યું, "ઊઠ ફ્લાણી જગ્યાએ, ફ્લાણે ઘરે જા. ત્યાં ત્રીજે માળે એક બાઇ ફાંસો ખાવા બેઠી છે તેને રોક!" દ્વિધામાં હોવા છતાં મલિકજી ગયા ને બારણું ખખ-ડાવ્યું. એક વૃદ્ધ બાઇએ બારણું ખોલ્યું. તેણે કહ્યું, "મારી દીકરી-ને બચાવો, સમજાવો." પછી મલિકજીને તેના ઓરડામાં લઇ ગઇ. મલિકજીએ કહ્યું, "ઓ મારી બહેન! તું આ શું કરે છે? માણસે તને તરછોડી, પણ ભગવાને તને નથી છોડી જોને ઊંઘમાંથી ઊઠાડી એણે મને અત્યારે તારી પાસે મોકલ્યો છે." આ શબ્દોની જાદુઇ અસર થઇ! તે બદલાઇ ગઇ!

એક વાર સવારના પહોરમાં મલિકજીને અવાજ સંભળાયો, "તારો એકતારો લઇને અમુક લતામાં જા ને ત્યાં કલાકેક ભજન કરી પાછો આવ!" તેમણે આદેશ પ્રમાણે કર્યું. આમ લગભગ

છએક મહિના સુધી થયું ને જેવો હુકમ થાય કે તેઓ એકતારો લઈને નીકળી પડે, એકવાર તેઓ કરાંચીમાં રસ્તા પર ચાલ્યા જતા હતા ત્યાં તેમને એક દૃશ્ય દેખાયું. જાણે તેમનાં મિત્રની પત્ની મોટર ચલાવતી હતી ને એક વળાંક પાસે મોટર ઊંધી થઈ ગઈ. તેથી મલિકજીએ રસ્તા વચ્ચે હાથ પહોળા કરીને બૂમ પાડી, "હે પ્રભુ, મારા મિત્રની પત્નીને બચાવ." આ શબ્દો બોલાયાં ને મોટર ચત્તી થઈ ગઈ! ને દૃશ્ય ઊડી ગયું. ચારેક દિવસ પછી તેનાં મિત્રનો પત્ર આવ્યો. એ પત્ર પેશાવરથી લખાયો હતો અને તેમાં તેની પત્નીને મલિકજીએ કેવી રીતે બચાવી તેનો અહેવાલ હતો. ક્યાં કરાંચી ને ક્યાં પેશાવર અને મલિકજીને તો ખબર જ નહોતી કે મિત્રની પત્ની ત્યાં મોટર ચલાવતી હતી. સંત, સાધુઓ, ભક્તોને જીવનમાં આવા ઘણાં અનુભવો થતા હોય છે. એનો આ એક પૂરાવો છે.

નાનપણમાં મલિકજી એક સ્કૂલમાં ભણતા હતા ત્યારે ત્યાંના સુપરીટિન્ડન્ટને હંમેશા એમ બોલવાની ટેવ હતી. "બધી સ્ત્રીઓ શેતાન (devil) છે." એક વાર મલિકજીએ વચ્ચેથી પ્રશ્ન પૂછ્યો "તમારી મા પણ સર?" પેલાને અપમાન લાગ્યું પોતે છક્ક તો થઈ જ ગયો, પણ તેણે ગુરુદયાલ મલિકજીને સારી પેઠે ગાલ પર બે તમાચા મારી દીધા. ત્રણ દિવસ પછી અચાનક જ રાજીનામું આપી ક્યાંક જવા નીકળી પડયા, ત્યાર પછી લગભગ ૨૫ વર્ષ પછી તેઓ ટ્રેનમાં ઓચિંતા મલિકજીને મળ્યા. તેઓએ ભગવાં કપડાં પહેર્યાં હતા, તેઓએ પૂછ્યું, "તમે લાહોરની સ્કૂલમાં શિષ્ય હતા?" એટલે મલિકજીએ હા પાડી, તો તેણે પાછું પૂછ્યું, "એ સ્કૂલમાં ....નામના એક શિક્ષક હતા." એટલે પાછી મલિકજીએ હા પાડી ને કહ્યું, "તેમણે તો રાજીનામું આપ્યું હતું ને ક્યાંક ચાલી ગયા હતા." પેલા સાધુએ કહ્યું, "એ જ હું છું." ને ઊઠીને મલિકજીને પગે પડયા, અને કહ્યું, "મારા વ્હાલા મિત્ર તું જ



મારો સૌ પ્રથમ માર્ગદર્શક આધ્યાત્મિક જીવનમાં બન્યો છે. તેથી હું તને પ્રણામ કરું છું." મલિકજી તો પાછા હઠી ગયા ને પોતાના શિક્ષકના ચરણોમાં પ્રણામ કર્યા. ત્યાર પછી પેલા સાધુએ ખુલાસો કર્યો કે બાળક મલિકજીના શબ્દોની તેમના પર કેવી અસર થઈ ને તેઓ પોતે સાધના કરવા ગયા, ત્યાં સંન્યાસ લીધો ને મા આદ્યાશક્તિના દર્શન કેવી રીતે કર્યા વગેરે વગેરે. ને ઉમેર્યું કે, "હવે હું બધાંને કહું છું ઈશ્વરદર્શનની ઇચ્છા હોય તો પહેલાં તો પોતાની માની અંદર જ મહાશક્તિનાં દર્શન કરવાં જોઈએ."

એકવાર મલિકજી અને તેના એક મિત્રે ભેગા થઈને પુસ્તક લખવાનું શરૂ કર્યું "Dawn of Indian Rencus'sane" પુસ્તક પૂરું થયું ને તેની પ્રસ્તાવના લખવા માટે સરોજીની નાયડુને મોકલવામાં આવ્યું. તેનો મિત્ર ઇંગ્લેંડ ગયો પણ પુસ્તક છપાવવા માટે ભલામણ કરતો ગયો. પુસ્તક સારું હોવાથી તેને છપાવવા માટે શ્રીમતી નાયડુએ પ્રોત્સાહન આપ્યું પણ મલિકજીને અવાજ સંભળાયો, "આ પુસ્તક બાળી નાંખ." કારણ કે એનાથી મદદ મળવાને બદલે હાનિ થશે." ખૂબ દુઃખ લાગવા છતાં મલિકજીએ તેમ કર્યું. આ બાજુ તેના મિત્રનો ઇંગ્લેંડથી પત્ર આવ્યો તેમાં તેણે પણ પુસ્તકનો નિકાલ કરી દેવાનું લખ્યું હતું. આમ અંદરથી આદેશ મળ્યો કે અહંકારને પોસવો નહિ. ત્યાર પછી બીજા એક પુસ્તકના લખાણ પછી પાછો આવો અનુભવ થયો. તે વખતે ગુરુનાનકની, એક કવિતા વાંચવામાં આવી કે જેમાં એમ કહેવામાં આવ્યું હતું "ઈશ્વર ન મળે તો આ બધું નકામું છે." આ વાંચીને શ્રી મલિકજીએ લગભગ ૪૦૦૦ પાના જેટલાં પોતાનાં લખાણો ભેગાં કરીને બાળી નાંખ્યાં ને પછી ભગવાનનો પાડ માનીને આરામથી સૂઈ ગયા, ને ઈશ્વરને પ્રાર્થના

કરી કે, "તું જ બધું સમજે કે મારા માટે શું સારું છે. હું તો તારો પ્રેમ ચાહું છું." કેવી પ્રભુભક્તિ! આત્મસંશોધન કરતાં કરતાં અહં પર કેવો કાબૂ મેળવ્યો તેનો આ જીવંત દાખલો છે. આવા તો અનેક દાખલાઓ તેમના જીવનમાંથી મળે છે.

ગુરુદયાલ મલિકે પહેલા વિશ્વયુદ્ધમાં સ્વયંસેવક તરીકે કામ કર્યું હતું ને ખૂબ સેવા કરી હતી, ભજનમંડળીમાં કામ કર્યું હતું, ગાંધીજીની સાથે પણ જાતજાતની સેવા કરવામાં તત્પર રહેતા, સેવા તો એમના જીવનનો મંત્ર હતો. ખૂબ જ પ્રેમથી ખંતથી તેઓ ગરીબોની સેવા કરતા, ગરીબોને દવા ફળફળાદિ ખબર ન પડે તે રીતે પહોંચાડતા. ક્યાંય પણ સેવાની જરૂર હોય ત્યાં ખડેપગે સેવા કરવા હાજર થઈ જતા, છેલ્લા દિવસોમાં તેઓ જે ડોક્ટરને ઘરે રહેતા હતા તેમની પાસેથી પણ આવી વાતો સાંભળવા મળતી હતી, તેમના મૃત્યુ પછી પણ ડોક્ટરને અકસ્માતમાંથી બચાવવાનો પ્રયત્ન તેમણે કર્યો હતો, ઘરમાં ચોર આવ્યો ત્યારે પણ દરેક બારી પાસે દેખા દઈને ચોરને બીવડાવીને ભગાડી મૂક્યો હતો.

એકવાર તેમને તેમના મિત્રના ઘરમાં લકવાનો એટેક આવ્યો. ડોક્ટર મિત્ર તો કોલાબા હતા, મલિકજી બાથરૂમમાં પડી ગયા, બૂમ પણ પડાય તેમ નહોતું. ત્યાં તો સામે દિવાલ પર સોનેરી અક્ષરે સંદેશો લખાયો. "ગમે તેટલું દર્દ થાય તોપણ તારા શરીરને સતત હાલતું રાખ." આ વાંચીને તેમણે ખૂબ દર્દ હોવા છતાં તેમ કર્યું. ત્યાં તો સવારના પાંચ વાગ્યે તેનો મિત્ર આવી ચઢયો. કારણ કે તેને સ્વપ્નું આવ્યું, "ગુરુદયાલને તારી ખૂબ જરૂર છે. એકદમ જા." તેથી ડોક્ટર કોલાબાથી દોડીને જુહુ પહોંચી ગયો. ને ગુરુદયાલનો અનુભવ સાંભળીને છક્ક થઈ ગયો! ગુરુદયાલ મલિકને



અનેક સિદ્ધિઓ વરી હતી, પણ તેઓ તેનું પ્રદર્શન કદીએ કરતા નહીં. ઉલટાનું બને તેટલું તેનાથી બચવાનો પ્રયત્ન કરતા. તેઓ અનેક ભાષાના જ્ઞાતા હતા. પંજાબી માતૃભાષા હતી, તે ઉપરાંત પુશ્તુ, ફારસી, હિંદી, ઊર્દુ, બંગાળી, ગુજરાતી વગેરે ભાષાઓ પર પણ સારો એવો કાબૂ હતો. તેઓ પોતે ભજનો રચતા, ગાતા, શ્રી રવિન્દ્રનાથ તેમના ગુરુ હતા, તેથી તેમને પોતાની કવિતા ગવડાવવા માટે ખાસ સંગીતના શિક્ષક રાખીને સંગીત શીખડાવવાનો પ્રયત્ન કર્યો હતો. પણ માસ્તરે કહ્યું કે આ તો કોઈ દિવસ નહિ શીખી શકે, તેથી ગુસ્સે થઈને રવિન્દ્રનાથે ગુરુદયાલને પોતાની કવિતા કોઈ દિવસ ગાવી નહીં એમ કહ્યું. ત્યારથી મલિકજી ગુરુઆજ્ઞાને માન્ય રાખીને કદી ગાતા નહોતા. આવી હતી તેમની ગુરુભક્તિ! તેઓને સંતપર બહુ પ્રેમ હતો. સૂફીસંતોને પણ મળતા હતા, તેમના પર તેમણે લેખ લખ્યા હતા, તેઓ પોતાની મા પાસેથી ત્રણ વસ્તુ શીખ્યા હતા તેનું ચુસ્ત રીતે પાલન કરતા હતા. (૧) સાધુને પગે લાગવું. (૨) સાધુસંતો સાથે કદી વાદમાં ઉતરવું નહિ. (૩) સ્રીમાત્રને માતા સમજવી, તેઓ જીંદગીભર કુંવારા રહ્યા ને બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું.

છેલ્લે તેમને ગળાનું કેન્સર થયું હતું, તેઓ ડો. ફૂલવરને ત્યાં ચેમ્બુરમાં રહેતા હતા. દવા લેવાની ના પાડતા હતા, બને ત્યાંસુધી સેવા પણ ઓછી કરાવતા, ગમે તેટલું દુઃખ હોય પણ બતાવતા નહોતા, આટલા બધા બિમાર હોવા છતાં બીજાની કાળજી ખૂબ રાખતા, કોઈને ખોટી તકલીફ ન આપવી, કોઈનો ખોટો સમય ન બગાડવો. પોતે તો સ્વધામ જવા માટે ખુશીથી તૈયાર હતા. અમદાવાદના સાબરમતી આશ્રમમાં તેઓ ખૂબ જાણીતા હતા. તેથી ત્યાંના રહેવાસીઓને મલિકજીને મળવા આવવાનું મન હતું.

મલિકજીને આ વાતની ખબર પડી તો તેઓને આવવાની ના પાડી ને ઉપરથી કહ્યું "હું નવરો છું. મારે બીજું કામકાજ નથી, તમારા બધાનો સમય કિમતી છે. હું જ તમને મળવા અમદાવાદ આવું છું." ખૂબ જ નાજુક તબિયત હોવા છતાં સ્ટેચર પર ડોક્ટરને સાથે લઇને પોતે અમદાવાદ બધાંને મળવા ગયા. ને પાછા ફર્યાં. ભગવાનની કૃપાને જ દવા ગણતા છેલ્લે છેલ્લે કહેતા, "મેરી કિસ્તી કિનારે સે લગ ગઇ, અબ ક્યાં જીના?" આ શબ્દો સાથે ૧૪–૪–૭૦ માં શાંતિથી તેમણે પાર્થિવ દેહ છોડયો ને નિર્ગુણ, નિરાકાર સાથે એકાકાર થઇ ગયા. એમના જીવનમાંથી આપણે ઘણું શીખવાનું છે, ખાસ તો નિષ્કામ સેવાભાવ, સંપૂર્ણ શ્રદ્ધા, શુદ્ધ પ્રેમ, નમ્રતા, નિરહંકાર વગેરે ગુણોની સાકાર મૂર્તિ સમા સંત ગુરુદયાલ મલિકને આપણા સૌ તરફથી કોટિ કોટિ પ્રણામ. ઈશ્વરકૃપાથી આપણામાં પણ આવા સદ્‌ગુણો કેળવાય એ જ પ્રાર્થના.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯


જીવનમાં શાંતિ જોઈતી હોય તો પરમાત્મા તરફ પાછા વળો. નિસર્ગ તરફ પણ વળો. જીવનને જેટલું બને તેટલું સાદુ, બને તેટલું સરળ અને શુદ્ધ તેમ જ માનવતાથી મહેકતું રાખશો, તેટલી શાંતિ તમને મળશે.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩

# માનવતાનો સાદ પડયો છે
# આવો ઝીલી લઈએ

વિનાશક વાવાઝોડાએ ગુજરાતમાં વ્યાપક વિનાશ સર્જ્યો છે. કુદરતી તોફાને અનેક લોકોનો ભોગ લીધો છે. આપણા સૌ પર આવી પડેલું આ સંકટ છે.

વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાજ્યસરકારે યુદ્ધના ધોરણે રાહતની કામગીરી શરૂ કરી દીધી છે. સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓ, મહાજનો વગેરે પણ રાહત કામગીરીમાં સક્રિય બન્યાં છે.

પીડિતોને સહાય કરવી એ આપણી આગવી પરંપરા રહી છે. દેશભરમાં ક્યાંય પણ સંકટ આવી પડયું છે ત્યારે ગુજરાતની પ્રજા તેમની સહાયમાં દોડી ગઈ છે. આ તો આપણે જ આંગણે આવી પડેલી ભીષણ પરિસ્થિતિ છે.

આવી પડેલી આ કુદરતી આપત્તિનો સામનો કરવા મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં ઉદાર હાથે ફાળો આપવા હું અપીલ કરું છું.

આ સંકટ આપણા સૌનું છે અને ગુજરાતની પ્રજા સહાયમાં પાછી નહિ પડે એની મને પૂરી શ્રદ્ધા છે.

કેશુભાઈ પટેલ
મંખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

આપનો ફાળો 'મુખ્ય મંત્રીશ્રીનું રાહત ફંડ'ના નામે ચેક, ડ્રાફ્ટ, રોકડથી મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧, નવા સચિવાલય, ગાંધીનગર પર મોકલી આપવા વિનંતી છે. મુખ્ય મંત્રીશ્રીના રાહતફંડમાં જમા કરાવેલો નાણા ૧૦૦% કરમુક્તને પાત્ર છે.

* મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં ઉદાર હાથે ફાળો આપીએ *




# અલાસ્કાની ભાગ્યશાળી ભૂમિ

પૂ. મા સર્વેશ્વરી એલાસ્કા જઈ આવ્યાં. એલાસ્કા–કેનેડાથી પણ વાયવ્યમાં–ઉત્તરધ્રુવની પરિસીમામાં આવતો અમેરિકાનો પ્રદેશ ત્યાં લોકો સૈલગાહે જાય. પર્યટન માટે, પ્રવાસ ને આનંદ-પ્રમોદ માટે જાય. યાત્રા માટે તો કોઈ સંત જ જાય. વરસના ઘણાંબધાં મહિના અહીં ખૂબ જ ઠંડી બરફ પડે. જૂન–જુલાઈ એટલે ત્યાં ઉનાળો. પ્રાકૃતિક સૌંદર્ય ત્યારે ખૂબ જ ખીલી ઊઠે.

પૂ. મા સાથે ૪૫ સદ્‌ભાગ્યશાળી સાધકો હતો. તેમાં ૨૪ બહેનો અને ૨૧ પુરુષો (બે છોકરાઓ સહિત). આ બધા સદ્-ભાગી એટલા માટે કે જ્યાં પ્રકૃતિનું એક વિરલ સ્વરૂપ છે–તેને માણવા અને જોવા તો કોઈ સંત જ જાય–જેને નિસર્ગની લીલા નીરખી, એની પાછળ રહેલા પ્રભુનાં દર્શન થતાં હોય.

આધ્યાત્મિકતાની દૃષ્ટિએ એલાસ્કાની કુંવારી ધરતી. ભાગ્યે જ ત્યાં કોઈ સંતે વિચરણ કર્યું હોય. તેમાંય ભાગ્યે જ કોઈ ભારતીય સંત ત્યાં ગયા હોય. કારણ ત્યાં શું કરવા જાય? ત્યાં થોડી સત્સંગની સભાઓ થવાની હતી? થોડા ડોલર મળવાના હતા! ત્યાં થોડા ધનિકોના નિવાસો હતા?

પૂ. મા ત્યાં ગયાં. એ ધરતીની પણ આંતરિક અભીપ્સા હશે. તેને પરિતૃપ્ત કરવા પ્રભુએ પૂ. માને ત્યાં જવા પ્રેરણા કરી હોય. ત્યાંની પ્રકૃતિની પણ આવી જ કોઈ ઇચ્છાને સંતોષવા. પૂ. મા ત્યાં પધાર્યાં હોય. પૂ. માના ચરણસ્પર્શ અને દૃષ્ટિપાતથી ત્યાંની

પ્રકૃતિએ કેવી શાન્તિ અનુભવી હશે, તેની જાણ એ પ્રકૃતિને વાચા પ્રાપ્ત થાય તો થાય.

અમેરિકામાં હજારો ભારતીયો વસે છે, પરંતુ પ્રાકૃતિક સૌંદર્યમાં પ્રભુનું દર્શન તો પૂ. મા જેવા ભાવમય કોઇ સંત કરાવી શકે. ત્યાંના જળમાં પણ ભાગીરથીનો ભાવ–પૂ. મા જેવાં કોઇ સંત પૂરી શકે.

અલાસ્કાની ભૂમિ ખરેખર અનોખી ત્યાંની નૈસર્ગિક લીલાની આપણને કલ્પના પણ ન આવી શકે. ત્યાં એક સરખી દિવસો સુધીની રાતો હોય છે. સૂર્ય માથા ઉપર કદી આવે નહિ, પરંતુ એક સરખો ક્ષિતિજ ઉપર દેખાયાં જ કરે. એટલે અહીં લોકો મઝા લૂંટવા આવે.

કિન્તુ પૂ. મા તો પરમ તપસ્વીની. તેમના હર પગલે તીર્થ સરજાય. એટલે જ પૂ. ગુરુદેવ પ્રભુએ પૂ. માને આ ભૂમિમાં વિચરણ કરવા પ્રેરણા કરી લાગે છે. વળી પૂ. મામાં તો ભાવ, ભક્તિ અને શ્રદ્ધાનો અદ્‌ભુત સમન્વય. તેથી તેઓ જ્યારે અલાસ્કાની કોઇ નદીના જળને સ્પર્શ કરે ત્યારે તેમાં મા ગંગાની પવિત્રતા અને શીતળતા પ્રગટી ઊઠે. એટલે તો એ જળથી સ્નાન કરનારને ગંગાસ્નાન જેટલું માહાત્મ્ય પ્રાપ્ત થાય. વળી ત્યાંની કોઇ પણ વનસ્પતિના પાનને પૂ. મા જ્યારે ભાવથી સ્પર્શ કરે ત્યારે તે બીલીપત્ર કે તુલસીદળ જેવું પાવિત્ર્ય પ્રાપ્ત કરી ઊઠે. આવી છે પૂ. માની પ્રકૃતિ સાથેની ગાઢ અને અને ગૂઢ લીલા. એ કોણ સમજી શકે?

— તંત્રી



# પ્રશ્નોત્તરી–૧

મહાત્મા યોગેશ્વરજી

## ગુરુનું મુખ્ય કાર્ય

**પ્રશ્ન :** ગુરુની જરૂર ખરી? ગુરુનું મુખ્ય કાર્ય શું હોય છે?

**ઉત્તર :** તમારે ગુરુની જરૂર છે કે કેમ તે તમારી મેળે જ નક્કી કરવું જોઇએ. શાસ્ત્રો ને મહાપુરુષો ગુરુની જરૂરત સ્વીકારે છે. આધ્યાત્મિક માર્ગપર પ્રતિષ્ઠિત થવું હોય તો ગુરુ આવશ્યક છે. તે તમને માર્ગદર્શન આપે છે, ને તમારી શંકાનું નિવારણ કરે છે.

ગુરુ એટલે શું એ વાતનો વિચાર કરો એટલે ગુરુનું કાર્ય શું એ સમજી શકાશે. ધારો કે એક બાળકની માતા એક જ ગામમાં પણ કોઇને ત્યાં કામપ્રસંગે ગઇ છે. બાળકને તે કોઇ સ્થળે મૂકી ગઇ છે. હવે આ બાળક માતાની પાસે જવા આતુર બનીને રડવા માંડયું. ઘરના માણસને બાળકની માતા ક્યાં ગઇ છે તેની ખબર હતી. બાળક કેમ કરી માન્યું કે છાનું રહ્યું નહીં, એટલે તે માણસ બાળકને લઇને પેલી માતા પાસે જવા નીકળ્યો, પરિણામે બાળક માતાને મળીને ગેલ કરવા લાગ્યું.

આ પ્રમાણે જીવાત્મા પરમાત્માથી અલગ પડેલો છે. તે જ્યારે પોતાની મા એટલે મૂળ ચેતનશક્તિ પરમેશ્વરની પાસે જવા આતુર બને છે ને તલસે છે, ત્યારે ગુરુ તેની વહારે આવે છે. આ ગુરુને પરમાત્મા સંબંધી બધી માહિતી હોય જ છે, તેણે પરમાત્માની સાથે પરિચય કેળવ્યો હોય છે. એટલે જ કૃપા કરીને તે જીવાત્માની આંગળી પકડે છે ને તેને માર્ગપર ચઢાવીને–દોરીને તેને ઈશ્વરરૂપી માની પાસે લાવી દે છે. આમ ગુરુ જીવ ને શિવનો

મેળાપ કરાવી દે છે, જીવાત્મા પરમાત્મા પાસે પહોંચાડે છે. આટલી મોટી તેની શક્તિ ને જવાબદારી હોય છે. આ જ ગુરુનું મુખ્ય કાર્ય છે. જિજ્ઞાસુ કે શિષ્યનાં બંધન તોડવાનો માર્ગ બતાવી તેને શાંતિ ને મુક્તિ આપી તેનો ઉદ્ધાર કરવાનું મહાન કાર્ય ગુરુ કરી દે છે.

**પ્રશ્ન :** બધા જ ગુરુમાં આવી શક્તિ હોય છે?

**ઉત્તર :** જે ઉપરના સાચા અર્થમાં ગુરુ છે, તેમનામાં આવી શક્તિ જરૂર હોય છે. માટે તો તે ગુરુ કહેવાય છે. કૃષ્ણ, બુદ્ધ, ઈશુ, મહમ્મદ, જરથુસ્ત, મહાવીર, નાનક વિગેરે આવા જ ગુરુ હતા. પણ જે ફક્ત ગુરુના શબ્દથી ને પદથી મોહાઇ ગુરુ બનવા ઉતાવળો બને છે, જે ધન ને કીર્તિના મોહમાં ફસાઇ ઈશ્વરપ્રાપ્તિ કે આત્મશાંતિથી દૂર રહે છે, તેનામાં આવી શક્તિ ન જ હોય એ દેખીતું છે. તેમને સાચા અર્થમાં ગુરુ કહી શકાય નહીં.

**પ્રશ્ન :** આવા ગુરુની પ્રાપ્તિ કેવી રીતે થાય? આવા ગુરુ કાંઇ પણ પ્રયાસ કર્યાવિના જ કૃપા કરી દે તો શું ખોટું?

**ઉત્તર :** પેલા બાળકની જેમ ઈશ્વરને માટે આતુર બનો પછી ગુરુ તો તમને આપોઆપ મળી જશે. આવા ગુરુ કે ઈશ્વરની કૃપા એમનેમ થઇ શકે નહીં, કોઇ વિદ્યાર્થી નિશાળમાં જાય નહીં, અભ્યાસ કરે નહીં, છતાં ફાઇનલના સર્ટિફિકેટની ઇચ્છા કરે તો તે કેમ મળે? નિશાળમાં જઇને ખંતથી અભ્યાસ કરવો જોઇએ. તે પ્રમાણે શાસ્ત્રો ને મહાત્માઓએ બતાવેલા માર્ગે વિકાસ કરવો જોઇએ. તે વિના કેવળ બેસી રહેવાથી કે તરંગો કરી ઘાટ ઘડવાથી ગુરુ કે ઈશ્વરની કૃપા થાય નહીં, સમયની બરબાદી થાય તે જુદી.



પૂ. શ્રીના પત્રોમાંથી

# આધ્યાત્મિકતાનું અમૃત-૪

ડૉ. બી. જે. જાગાણી

પૂ. શ્રી યોગેશ્વરજીએ હિમાલયના નિવાસ દરમિયાન શ્રી નારાયણભાઇ, શ્રી ભાઇલાલભાઇ, શ્રી વિઠ્ઠલ પંડ્યા તથા પૂ. માતાજીને ૧૬૦ જેટલા પત્રો લખેલા. આ પત્રોનું પ્રકાશન "હિમાલયના પત્રો" નામના પુસ્તકથી થયું છે. પ્રત્યેક પત્રમાં આધ્યાત્મિકતા અને જીવન જીવવાનું ભાથું મળે છે. આપણને એના દ્વારા જીવન કેડી કંડારવામાં કંઇક વિશેષ મળશે એ હેતુથી પત્રોનો અર્ક મૂકવા અહીં પ્રયાસ કર્યો છે.

૧. તા. ૬ ડીસેમ્બર ૧૯૪૦ ના દિવસે પૂ. શ્રીએ શ્રી નારાયણભાઇ જાનીને સંબોધીને પત્ર લખેલો. જેમાં પૂ. શ્રીના હૃદયમાં આત્મસાક્ષાત્કારની લગન અંગેનું દર્શન થાય છે. શ્રી અરવિંદની સાથે બે વર્ષ રહીને સાધના કરવાની પૂ. શ્રીની ઇચ્છા છે. શ્રી અરવિંદને અગાઉ લખેલા પત્રનો જવાબ નથી આવ્યો. પૂ. શ્રી પત્રના જવાબની રાહમાં આતુર છે. એ આતુરતાના વિરહમાં શ્રી નારાયણભાઇને પૂ. શ્રી દ્વારા પત્ર લખાઇ જાય છે. આમેય સામાન્ય માણસના જીવનમાં સખાને પણ બધું જ કહેવાઇ જતું હોય છે. પૂ. શ્રીના સખા શ્રી નારાયણભાઇ એટલે પૂ. શ્રીના જીવનમાં જ્યારે જ્યારે સાધનાના અનુભવો વિશિષ્ટ રીતે થયા હોય, કોઇ નવાં દર્શનો થયાં હોય, પોતાના જીવનમાં કોઇ સંઘર્ષો આવ્યા હોય, ત્યારે ત્યારે પત્રદ્વારા શ્રી નારાયણભાઇને પૂ. શ્રીએ

જણાવેલ છે એ આપણા જેવા પ્રભુના બાળ માટે આધ્યાત્મિક પ્રસાદી છે. કારણ કે સાધક જીવનનો અહેવાલ પત્રદ્વારા ન મળ્યો હોત તો આપણને પંથ પણ ન મળ્યો હોત.

૨. "મેં પોંડીચેરી જવાનો વિચાર કર્યો છે–કોલેજના અભ્યાસમાં મને રસ નથી. હજી કાંઇ વાંચ્યું નથી. ને મારી કેળવણી છેક હાઇસ્કૂલના સમયથી જ કેવી રહી છે એ તું સારી પેઠે જાણે છે. અંગ્રેજી ભાષાનો સાચો અભ્યાસ જોઇએ, તે તો આપણી મેળે પણ થઇ શકે, ને સાથે સાથે આપણને જેમાં અનેરો રસ છે એ આધ્યાત્મિકતા પણ આચરાય. વળી આ વર્ષે પાસ થાઉં તોપણ આગળ અભ્યાસ કેવી રીતે કરવો એ પ્રશ્ન ઊભો જ રહે. કેમ કે આપણે ધનવાન નથી. એના કરતાં બે કે ત્રણ વર્ષ આ દિશામાં શું ખોટાં?"

પૂ. શ્રીની મથામણ આપણને આજેય ઝંકૃત કરે છે.

૨. પૂ. શ્રીના હૃદયમાં એક સાથે બે ધારા વહે છે. આગળ અભ્યાસ અને આધ્યાત્મિક ક્ષેત્રમાં વૈયક્તિક વિકાસ. અભ્યાસમાં તો હોંશિયાર હતા જ અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ખાસ સહાયક(શિક્ષક)ની જરૂર નહોતી. માટે સાથે સાથે આધ્યાત્મિક વિકાસ થાય તેવો રાહ અપનાવવા શા માટે શ્રી અરવિંદના આશ્રમમાં ન જવું? બે વર્ષનો ગાળો પૂ. શ્રી માટે એટલો સતાવતો હતો કે આટલા ગાળામાં આધ્યાત્મિક વિકાસ કેમ વધારે સાધી શકાય.

૩. ઔપચારિક કેળવણીમાં પાસ થવાય તોપણ આગળ અભ્યાસ કરવાની પૂ. શ્રીની આર્થિક સ્થિતિ નહોતી. કારણ કે પોતે જણાવે છે કે, "આપણે ધનવાન નથી." કેળવણીના ઉચ્ચ અભ્યાસમાં ધનવાનો જ આગળ આવી શકે તેવી શિક્ષણવ્યવસ્થા



૧૯૪૦ માં પણ હતી. જે વ્યવસ્થાએ પૂ. શ્રીને તે વ્યવસ્થા છોડવા મજબૂર કર્યા અને સહજ અને સ્વભાવગત આધ્યાત્મિક વિકાસ-નો રાહ પસંદ કરવા તરફ સહજ રીતે વાળી દીધા.

પૂ. શ્રીને આ મથામણમાં માતાજીની ચિંતા પણ રહેતી. માતાજી વિધવા થયાં હતાં. એકલાં જ ગામડે રહેતાં. કોઇ યુવાન, ન કમાતા બાળને પોતાની માતાની ચિંતા થાય એ સ્વાભાવિક છે. "હવે માતાની વાત રહી. અત્યારે તો તે સુખી છે. ને અત્યારે હું અભ્યાસ કરું તો ય કાંઇ કમાઉં તેમ નથી. હમણાં બે વરસમાં પૈસાનો ભંડાર ભરી કાઢવાનો નથી. વળી ઈશ્વર આપણા કરતાં ડાહ્યો છે. એનો જ આ સંકેત છે એમ હું માનું છું. ખરી રીતે તો એ જ સર્વની સંભાળ લે છે. એક માતાને માટે આપણે કાં રોવું? જગતમાં હજારો માતાઓ છે. જે ભૂખે ને દુઃખે ટળવળે છે, દુઃખાય છે; એમનાં આંસુ શું આપણને નહિ સ્પર્શે? ને જગત શું છે? કોણ કોનું છે? આ માયા જ છે. આપણે એમ માનીએ છીએ કે આપણાથી અમુક વ્યક્તિ પોષાય છે પણ તે ભ્રમ જ છે કેમ કે ઈશ્વરની જ એ લીલા છે. એ બધું ઈશ્વર જ કરે છે."

પૂ. શ્રીના પત્રનો આ હૃદયકુંજ સમો ભાગ આપણને હચમચાવી નાંખે છે. કારણ કે :

૧. જનનીની ચિંતા છે. આધ્યાત્મિક વિકાસના ક્ષેત્રે યાત્રા કરવી છે. બેમાંથી કોની પસંદગી કરવી? અહીં દિશા મળે છે. એક નાનકડો ઝબકારો થાય છે. "ઈશ્વર–આપણા કરતાં ડાહ્યો છે. સર્વની સંભાળ લે છે." હૃદયમાં ઈશ્વર પ્રાપ્તિની જ્વલનશીલ દ્રવ્ય–(વિરહ)–હતું જ એટલે અંતઃપ્રેરણાની આ ચિનગારી કાફી જ હતી. પૂ. શ્રીને ઈશ્વરના વ્યવસ્થાતંત્ર પર અનન્ય શ્રદ્ધા જન્મી. આમ તો સંતો પોતાના જીવનમાં માયાના પડદામાં ઢંકાઇને આવી લીલા કરતા હોય છે. પોતાની માતાની ચિંતા કરે. આ ચિંતા સર્વની

માતા સુધી વિસ્તરે અને સર્વની માતાના દુઃખ, દર્દ, કોટી ક્લેશ દૂર કરવા ભેખ લે, સર્વ કાંઇ છોડે, ઈશ્વર પર છોડે, સર્વનું પોષણ ઈશ્વર એકથી જ થાય છે એવી શ્રદ્ધાની તીજોરી મળી જાય ત્યારે પૂ. શ્રી પોતાના મૂળરૂપમાં આવીને માયાનો પડદો ચીરીને તિરાડ-માંથી સંસારમાં રચ્યાંપચ્યાં કીડા સમાન જીવતા જીવોને બતાવી દે છે કે, "એ બધું ઈશ્વર જ કરે છે." 'એ બધું' એટલે શું? ચિંતા, ચતુરાઇ, રાગ–દ્વેષ, કોટી ક્લેશ, સર્વ દ્વંદ્વો, સર્જન, પોષણ, વિઘટનનો વ્યાપાર, જીવોના ઉત્થાન, વગેરે જે કંઇ થઇ રહે છે તે ઈશ્વર જ એક કરે છે. આપણે ખોટી ચિંતા કરીએ છીએ કે મારાં બાળકો, પત્ની, સ્નેહીજનો, પરિવાર, મિત્રો, ધન, વૈભવ, સંપત્તિ વગેરે. પૂ. શ્રી વિચારના અસ્ત્રાથી આ બંધનો કાપીને આપણને જગમંચે ખેલ ખેલવાનો રાહ બતાવે છે. પોતાની જવાબદારી યજ્ઞભાવે અદા થાય પણ ઈશ્વરની વ્યવસ્થાતંત્રની ગરિમામાં અનન્ય શ્રદ્ધા રાખીને.

૨. "આપણાથી અમુક વ્યક્તિ પોષાય છે તે પણ ભ્રમ જ છે. કેમ કે ઈશ્વરની જ એ લીલા છે." આ ભાવ હૃદયમાં કાયમ ઘર કરે તો અનેક દુઃખદર્દ મટે. માત્ર વાણોતરનો ભાવ રાખીને અહંકારના નિમ્ન સ્તરપર રહીને જીવન વ્યવહાર ચાલે. શિવાજીને પોતાના ગુરુ સ્વામી રામદાસે પત્થરના પોલાણના પાણીમાં જીવતા દેડકાને ખોરાક કોણ આપી રહ્યું છે તે દેખાડીને સમજાવી દીધું કે રાજ્યશાસન ચલાવવામાં હકૂમતનો અહંકાર એટલો પ્રબળ ન બનાવો કે પોતાના હકૂમતમાં જીવતા જીવોનું ભરણપોષણ પોતે કરે છે. શ્રીધર સ્વામીને પણ આવી જ વિટંબણા થયેલી. પોતાની નાની એકની એક દીકરી. સાધના કરવા જવાની ઈચ્છા. પણ દીકરીનું બંધન સાલ્યું. ઘરમાં પૂજા કરતા હતા. ગરોળીનું ઇંડુ ઉપરથી પડયું બચ્ચું બહાર આવ્યું. ઇંડાનો રસ ચૂસવા માખી



આવી. ગરોળીના બચ્ચાંએ માખીને ખોરાક બનાવ્યો. શ્રીધર સ્વામીને ભગવાનની સારસંભાળ વ્યવસ્થા પર અનન્ય શ્રદ્ધા થઇ ગઇ. ઘર છોડયું. પ્રભુને પામવા પંથ પકડયો.

૩. પૂ. શ્રી આગળ લખે છે કે, "છતાં હું કાંઇ ત્યાગી કે સંન્યાસી બની જવાની ઇચ્છા નથી રાખતો. મને દેખાવની ચીડ છે. હું ગૃહસ્થાશ્રમને વખોડતો કે અવગણતો નથી. મને તે માટે માન છે. પણ જીવનનાં બે વર્ષો, જ્યારે અવાજ આવ્યો છે ત્યારે ચૂક્યાવિના ઉન્નત દિશાએ દોરી જવાં એવી મારી ઇચ્છા છે."

પૂ. શ્રીની વિચારધારા તટસ્થ છે. પોતાની પરિસ્થિતિ અને પોતાનો અનુભવ બીજા પર ઠોકી બેસાડવાની વાત આગ્રહપણે રાખવાને બદલે માત્ર મા થાળીમાં જેમ જાતજાતની મીઠાઇ અને વાનગીઓ પીરસે તેમ જાતજાતના અનુભવો જીવનરૂપી થાળીમાં પીરસે છે. જે જીવને જે અનુભવ અને વિચારધારા ગમે તે સ્વીકારે. પોતે માત્ર બે વર્ષ અરવિંદ આશ્રમમાં જઇને ઈશ્વર સાક્ષાત્કાર કરવા જવા માગે છે. આ માટે માતાજીનો ભાર ઈશ્વર પર છોડી દેવો. તેની માયા મહાન છે. આ તર્કને આધારે પોતે વિચારધારા વિકસાવી પણ સામાન્ય માણસ કોઇ ઉમદા હેતુ વિના પોતાના દુ:ખી કે સુખી મા–બાપનો ત્યાગ ના કરી બેસે તે માટે શીખ પણ આપે છે કે, "હું ગૃહસ્થાશ્રમને વખોડતો નથી. મને તે માટે માન છે." પૂ. શ્રી ગૃહસ્થાશ્રમને ચાહે છે અને માને છે. ગૃહસ્થાશ્રમમાં રહીને ઈશ્વરપ્રાપ્તિના ઉદાહરણો આપણા શાસ્ત્રોમાં ઓછાં નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસના પિતાજી ક્ષુદીરામને ત્યાં જ ભગવાન (રામકૃષ્ણદેવ) પધાર્યા, સંતજ્ઞાનેશ્વરના પિતાજી ગૃહસ્થાશ્રમી હતા, સંન્યાસી થયા અને વળી પાછા ગુરુઆજ્ઞા થકી ગૃહસ્થાશ્રમી થયા. ગૃહસ્થાશ્રમી બન્યા પછી ચાર સંતાનો થયાં

અને ચારે ય સંતાનો પ્રતાપી સંત થયાં (નિવૃત્તિ નાથ જ્ઞાનેશ્વર, સોપાનદેવ અને મુક્તાબાઇ) આશ્રમ કયો સ્વીકારવામાં આવે છે તે મહત્ત્વનું નથી, પણ આશ્રમમાં રહીને શું પ્રાપ્ત કર્યું તે મહત્ત્વનું છે. પૂ. શ્રી આત્માના અવાજ—અંતઃપ્રેરણાને વશ થઇને અરવિંદના આશ્રમમાં જવાની ઇચ્છા દર્શાવે છે.

૪. આશ્રમમાં જઇને શું પ્રાપ્ત કરવું હતું? પૂ. શ્રી લખે છે કે, "તને ખબર છે કે રામકૃષ્ણે વિવેકાનંદના શિરપર પહેલી જ વાર હાથ મૂક્યો હતો ને તેથી વિવેકાનંદને સમાધિ થઇ હતી. એવા કોઇ સિદ્ધની જરૂર છે. યોગ્યતા પ્રમાણે આપણને પ્રકાશ મળે."

પૂ. શ્રી એવા સિદ્ધપુરુષની શોધમાં હતા કે શિરપર હાથ મૂકાય અને પ્રભુની લીલા જોવા મળે, સમાધિ થઇ જાય, સમગ્ર સૃષ્ટિના રચયિતાનાં દર્શન થઇ જાય. વિવેકાનંદને જે સુખ મળ્યું તેવું સુખ મળે. આપણે "પ્રકાશના પંથ"નો સંદર્ભ લઇને આ ઘટના મુલવીએ તો ખ્યાલ આવશે કે આધ્યાત્મિક નાટકના આ મંચપર પૂ. શ્રી એક પડદો (માયા) રાખીને લીલા જ કરી રહ્યા છે. પૂ. શ્રી 'પ્રકાશના પંથે' પુસ્તકમાં જણાવે છે કે પોતે આગલા જન્મમાં શ્રી રામકૃષ્ણદેવ હતા. રામકૃષ્ણ નવા સ્વરૂપે (પૂ. શ્રી) અવતરે ત્યારે શું સમાધિસુખ, ઈશ્વરપ્રાપ્તિ, ભગવાનની અનંત લીલા સહજ રીતે અનુભવાય તેવા કૌશલ્યો સાથે ન અવતર્યા હોય? લાવ્યા જ હોય, પણ રહસ્ય અગાઉ ખોલી આપે તો નાટકની મજા મારી જાય. આ નાટકને માણવા માટે આપણે સૌ આપણાં અંતરના દ્વારને ખોલવા તત્પર થઇએ.

(ક્રમશઃ)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

## રાવણનો રોષ

મેઘનાદ તથા કુંભકર્ણ જેવા મહાપ્રતાપી યોદ્ધાઓનો નાશ થવાથી રાવણની ચિંતા અને પીડાનો પાર ન રહ્યો.

થોડા વખતને માટે તો એમના સંહારના સમાચારને એ સાચા ન માની શક્યો, પરંતુ પછી એની યથાર્થતાની પ્રતીતિ થતાં એ અવાક્ બની ગયો, અને આંસુ સારવા લાગ્યો.

એ ગમે તેવો કઠોર હતો તોપણ એના અંતરના ઊંડાણમાં લાગણીનો પ્રવાહ વહી રહેલો. એ પ્રવાહ પત્થરની પાછળથી માર્ગ કરીને બહાર આવતાં પાણીના રેલાની પેઠે બહાર આવ્યો.

લાંબા વખત લગી એ લાગણી તથા વિચારમાં ડૂબીને એકલો બેસી રહ્યો અને પછી આંટા મારવા માંડયો.

'પરંતુ એથી એનું હૃદય પરિવર્તન થયું અથવા થવા માંડયું એવું થોડું જ છે?'

હાર્યો જુગારી બમણું રમે એવી વિપરીત એની દશા થઇ. એણે પોતાના છેલ્લા શ્વાસસુધી રામ, લક્ષ્મણ, સુગ્રીવ તથા સમસ્ત વાનરસેનાનો મુકાબલો કરવાનો નિર્ણય કર્યો, અથવા કહો કે એ નિર્ણયને વધારે દૃઢ કર્યો.

મંદોદરીએ એને ફરીવાર ખૂબ જ સમજાવ્યો છતાં પણ એનામાં ફેર ન પડી શક્યો.

મંદોદરીએ એને યુદ્ધની ભીષણતાનો ખ્યાલ આપતાં કહ્યું : 'આ યુદ્ધ કેટલું બધું ભીષણ પુરવાર થયું છે એનો વિચાર તો કરી જુઓ. એમાં મેઘનાદ તથા કુંભકર્ણ જેવા કેટલા ય વીરોનો નાશ થયો છે. તમારા મિથ્યાભિમાન તથા તમારી હઠને લીધે જ આ આતંક આવી પડયું છે. હજુ પણ તમે સમજી જાવ અને એ હઠ છોડી દો તો સારું.'

રાવણે લૂખું હસીને કહેવા માંડયું : 'યુદ્ધ હમેશાં ભીષણ જ હોય. એની ભીષણતા સદા આવી જ હોય છે. એને તારા કરતાં હું વધારે જાણું છું, કારણ કે મેં યુદ્ધો કરેલાં છે. જે યુદ્ધની ભીષણતાથી ડરે છે તે યુદ્ધ નથી કરી શકતો. યુદ્ધ કરવા માટે તે યોગ્ય જ નથી. તને મારી હઠ દેખાતી હોય તોપણ મારાથી એ હઠને નહિ છોડી શકાય. મને લાગે છે કે, મેં પહેલેથી જ અમંગલ પંથે પ્રયાણ કર્યું છે. તોપણ એનો પરિત્યાગ હવે નહિ કરી શકું. હવે તો કાં તો હું રહું કે રામ રહે. તું મિથ્યાભિમાનની વાત કરી રહી છે, પરંતુ મિથ્યાભિમાન મારી અંદર નથી પણ રામમાં છે. એટલે તો એ મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થયા છે.'

'એ યુદ્ધ ન કરે તો બીજું શું કરે? તમે સીતાને છોડવા માગતા જ નથી તો એ દશામાં એ શું બે હાથ જોડીને બેસી રહે? સીતાને છોડાવવાની પોતાની ફરજનો ત્યાગ કરીને શું એ કાયર થઈને પાછા ફરે? સમજવાનું તો તમારે છે, અને સમજીને તમારે એમની સાથે ન્યાયી વર્તન કરવા તૈયાર થવાનું છે. તેને બદલે તમે તો ચોર કોટવાળને દંડે તેવું કરી રહ્યા છો.'

'હું ચોર છું?'

'તમને ચોર તો કેવી રીતે કહી શકું? એવું કહેવા માટે મારી



જીભ જ કેવી રીતે ઉપડી શકે? છતાં પણ તમે ચોરી તો કરી જ છે. પારકી સ્ત્રીનું હરણ કરવાનું કામ ભારે ક્રૂર, અમંગલ અને ચોરી કરતાં પણ વધારે છે. એ અનૈતિક કર્મનો બચાવ તો કોઈયે સંજોગોમાં ન કરી શકાય.'

'મંદોદરી, તું મારી સૌથી પ્રિય પત્ની અથવા પટરાણી હોવા છતાં સીતા તથા રામનો પક્ષ તાણે છે એ જોઈને મને ખૂબ જ નવાઈ લાગે છે. પહેલેથી જ તું મને અન્યાય કરી રહી છે.'

મંદોદરી મંદ છતાં મીઠા સ્વરે બોલી : 'હું તમને અન્યાય નથી કરી રહી, પરંતુ ન્યાય જ કરી રહી છું. તમે સહેજ શાંતિ-પૂર્વક વિચારી જોશો તો મારી વાતને સારી પેઠે સમજી શકશો. હું રામ કે સીતાનો પક્ષ નથી તાણતી પરંતુ સત્યનો અથવા ન્યાયનો પક્ષ તાણી રહી છું. તેનું જ સમર્થન કરું છું. એની પાછળ ઊંડી ઊંડી આશા એટલી જ છે કે, મારી સામે થનારા અધર્મમાંથી પાછા વાળીને બીજાની સાથે તમારું પણ હિત કરી શકું અને તમને વિનાશમાંથી બચાવી લઉં.'

'મારો વિનાશ કરે એવું છે જ કોણ? હું તો કોઈને નથી દેખતો.'

'તમે દેખી શકતા હો કે ન દેખી શકતા હો પણ હું તો મારી આંખ ઉઘાડી હોવાથી દેખી રહી છું. જેણે કુંભકર્ણ જેવાનો નાશ કર્યો તે તમારો નાશ પણ કરી શકશે. મને લાગે છે કે, એને માટેની ઘડીઓ ગણાઈ રહી છે.'

'પરંતુ મને મળેલા વરદાનને લીધે હું તો અમર છું!'

'બીલકુલ નહિ. અસત્ય, અનીતિ અથવા અધર્મ કદી પણ અમર નથી બની શકતાં. એમનો નાશ થાય છે જ. તમને વરદાન

મળ્યું છે એ સાચું, પરંતુ મનુષ્યથી ન મરવાનું વરદાન ક્યાં મળ્યું ?

રાવણે અટ્ટહાસ્ય કરીને કહ્યું : 'તું પણ ખરી બુદ્ધિશાળી નીકળી. મનુષ્યનો મને ભય જ ક્યાં છે, કે એનાથી ન મરવાનું મારે વરદાન માગવું પડે ?'

'મને તો લાગે છે કે, મનુષ્ય રૂપધારી રામ જ તમારા કાળ બનીને આવી પહોંચ્યા છે. મને તેની ચિંતા થાય છે ત્યારે તમે ચિંતારહિત થઈને અટ્ટહાસ્ય કરી રહ્યા છો.'

'તું નકામી ચિંતા કરી રહી છે. રામ જેવા હજાર રામ એકઠા થશે તોપણ મારું મૃત્યું નહિ નિપજાવી શકે. હા, રામનો નાશ મારા હાથે જરૂર થશે. પછી નિરાશ બનેલી સીતા મારા કહ્યા પ્રમાણે જરૂર કરશે.'

'એની આશા નકામી છે. સીતા મરી જશે પણ તમારા કહ્યા પ્રમાણે નહિ કરે.'

'તો પછી હું એને જીવતી નહિ રાખું.'

બીજે દિવસે રાવણે રાક્ષસસેનાનું નેતૃત્વ સંભાળ્યું અને પૂરેપૂરા ઝનૂનથી લડવા માંડયું.

એણે અનેક પ્રકારની માયા કરી તેથી વાનરસેના વ્યાકુળ બની ગઈ.

રામ, લક્ષ્મણ, હનુમાન તથા સુગ્રીવે પોતાનું પરાક્રમ બરાબર બતાવી આપ્યું. એથી રાવણ સારી પેઠે ઘવાયો. એના ઘોડા, રથ તથા સારથિનો નાશ થવાથી એ નવી યુદ્ધ સામગ્રી લેવા સાંજનો સમય થતાં લંકામાં જઈ પહોંચ્યો. (ક્રમશઃ)

## * સાધુ સમાજ વિષે *

આજે સાધુનું નામ સાંભળીને કેટલાક માણસોના મોં બગડી જાય છે. તેમને લાગે છે કે સાધુઓ આળસુ છે. તેમણે સમાજનું સત્યાનાશ વાળ્યું છે માટે તેમને ભિક્ષા આપવાનું બંધ કરવું જોઈએ. તેમને માટેના અન્નક્ષેત્રો પણ બંધ કરવાં જોઈએ. તેમને પલટનમાં ભરતી કરવા જોઈએ, નહિ તો ગોળીએ મારવા જોઈએ એવી પણ તે સલાહ આપે છે. આપણે સાધુસંસ્થાની વધારે પડતી વકીલાત કરવા માંગતા નથી; પણ તેના પર નકામો રોષ ઠાલવીને તેને નાબૂદ કરવાની પણ ભલામણ કરતા નથી. સાધુસંસ્થામાં દોષ હશે, ને છે. પણ દુનિયામાં દોષ ક્યાં નથી? ગુણ ને દોષનું મિશ્રણ એ જ જગત છે. માટે સાચો માર્ગ તો એ છે કે દોષ દૂર કરવાની ભલામણ કરો. કોશીષ કરો ને પદ્ધતિ બતાવો. પગે ગુમડું થયું હોય તેથી પગને કાપી નાંખવાની જરૂર નથી. ગુમડાંને ઠીક કરો એ જ બરાબર છે. જરા વિચાર તો કરો કે સાધુ ક્યાંથી આવે છે! તે કાંઈ આકાશમાંથી ઊતરી આવતા નથી. તે તો તમારામાંથી કે સમાજમાંથી જ આવે છે. તમે શું સંપૂર્ણપણે સારા છો? તમારો સમાજ પણ શું તદ્દન અણિશુદ્ધ છે? ત્યારે સાધુ પણ તમારા જેવા છે. આ સમાજમાં એવા કેટલાંય માણસો છે જે બીજાનું કાંઈ જ હિત કરતા નથી, પણ વધારામાં બૂરું કર્યા કરે છે. તેમને પણ ગોળીએ દેવાની ભલામણ કરવાની કોઈ હિંમત કરતું નથી. તો પછી સાધુઓને માટે તેવી ભલામણ શા માટે?

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * કર્મ કરવા છતાં અકર્મી રહેવાય *

જે માણસો પ્રવૃત્તિ કર્યા કરે છે તેમને કેટલાક કર્મઠ કહે છે, ને જે પ્રવૃત્તિ કરતા દેખાતા નથી, ને બાહ્યદૃષ્ટિએ નિવૃત્તિપરાયણ જેવા લાગે છે, તેમને અકર્મી તરીકે ઓળખાવે છે. પણ ગીતામાતાને એ વાત મંજૂર નથી. તે જાહેર કરે છે કે કર્મ કરવા છતાં માણસ અકર્મી રહી શકે છે. કર્મ ને અકર્મના ભેદ ઉપર ઉપરના છે. ડાહ્યો માણસ તે ભેદની પાર પહોંચી જાય છે. કર્મ ને અકર્મ અલગ અલગ નથી. માણસે કર્મમાં અકર્મનું દર્શન કરવું જોઈએ. એટલે કર્મ કરવા છતાં કૈં ના કરતો હોય તેવી દશાનો અનુભવ કરવો જોઈએ ને કર્મ કરવા છતાં કર્મની અસરથી મુક્ત રહેવું જોઈએ. આ માટે કેટલીક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે. આપણે જોઈએ છીએ કે માણસોમાં કર્તાપણાનું અભિમાન હોય છે. આ કામ મેં કર્યું, હું ના હોત તો આ કામ થાત જ નહિ, એવો અહંકાર માણસોના મનમાં ભરેલો હોય છે. તે અહંકાર-નો ત્યાગ કરવાની જરૂર છે, ને આપણાથી કાંઈ જ થઈ શકે તેમ નથી, ઈશ્વર જ બધું કરાવે છે, એમ માનીને નમ્રતા ધારણ કરવાની જરૂર છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.